RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 229* Date: 16.06.2022 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

માણાવદરમાં ધોધમાર અઢી ઇંચ અને માંગરોળમાં દોઢ ઇંચ વરસાદ

# સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ ધબધબાટી બોલાવી, રસ્તાઓ બેટમાં ફેરવાયા, ભેંસો તણાઇ

જૂનાગઢ

જૂનાગઢ જિલ્લાના તમામ તાલુકાના વાતાવરણમાં ગત રાત્રિથી આવેલા પલટા બાદ આજ સવારથી સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. જિલ્લાના માણાવદમાં અઢી ઈંચ તેમજ માંગરોળમાં દોઢ ઈંચ જેટલો વરસાદ વરસી ચૂકયો છે. માણાવદર શહેર અને પંથકમાં ભારે વરસાદના પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવા લાગ્યાં હતાં. જિલ્લામાં પડી રહેલા સાર્વત્રિક વરસાદના પગલે વાતાવરણમાં અનેરી ઠંડક પ્રસરી ગઇ છે તેમજ ખેડૂતો પણ ખુશખુશાલ જોવા મળી રહ્યા છે.



જૂનાગઢ શહેર અને જિલ્લાના અમુક તાલુકાઓમાં છેલ્લા ત્રણેક દિવસથી મેઘરાજાએ દસ્તક દઈ હેત વરસાવી રહ્યા છે. જિલ્લાના ઘણા વિસ્તારોમાં બફારા અને ઉકળાટના કારણે લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ઊઠ્યા હતા અને આકાશ તરફ આશ માંડી મેઘરાજાની રાહ જોઇ રહ્યા હતા. આ દરમિયાન ગત રાત્રિના જિલ્લાના તમામ તાલુકાના વાતાવરણમાં એકાએક પલટો આવ્યા બાદ અમુક સ્થળોએ વરસાદી ઝાપટાં વરસ્યાં હતાં. આજે સવારથી તમામ તાલુકામાં વરસાદ વરસાવવાનું શરૂ થયું હતું, જેમાં સવારે ૬ વાગ્યાથી માંગરોળ શહેર અને પંથકમાં મેઘરાજાએ ધોધમાર વરસાદ વરસાવ્યો હતો. એકાદ કલાકમાં સવા ઈંચ વરસાદ વરસાવી દેતાં પંથકના રસ્તાઓ પર વરસાદી પાણી વહેતાં થયાં હતાં અને વાતાવરણમાં અનેરી ઠંડકનો લોકો અહેસાસ કરી રહ્યા હતા. માણાવદર શહેર અને પંથકમાં આજે સવારથી જ મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. ચાર કલાકમાં અઢી ઈંચ જેટલો વરસાદ વરસાવી દેતાં રસ્તા પર પાણી પાણી થઈ ગયું હતું. આજે સવારથી પડેલા ધોધમાર વરસાદને પગલે માણાવદર શહેરની શાક માર્કેટ, મો઼ચીગલી, બહારપરા સહિતના નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયાં હતાં, જેને લીધે લોકોને હેરાનગતિ થવાની સાથે ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. બીજી તરફ વરસાદને પગલે લોકોને ગરમીમાંથી રાહત થઈ છે. શહેર-પંથકમાં ચાલુ સીઝનમાં પ્રથમવાર પડેલા ધોધમાર વરસાદનો લહાવો લેવા બાળકો શેરીઓમાં નીકળી પડ્યાં હતાં.

જિલ્લાના અન્ય સાત તાલુકામાં પણ આજે સવારથી વરસાદ વરસી રહ્યો છે. જિલ્લામાં આજે વરસાદની વાત કરીએ તો જૂનાગઢમાં ૩ એમએમ , કેશોદમાં ૫ એમએમ, ભેંસાણમાં ૩ એમએમ, મેદરડામાં ૧૮ એમએમ, માંગરોળમાં ૩૨ એમએમ(૧.૫ ઈંચ), માણાવદરમાં ૬૮ એમએમ (૨.૫ ઈંચ), વંથલીમાં ૨૧ સ્સ, વિસાવદરમાં ૨ એમએમ વરસાદ વરસ્યો હતો.જૂનાગઢના માંગરોળમાં ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતાં ધોધમાર વરસાદના પગલે ગોરેજ સહિતના કેટલાક ગામોમાં વીજળી ગુલ થઇ ગઈ છે. ગીર સોમનાથના વેરાવળ શહેરમાં મેઘરાજા મનમૂકીને વરસી રહ્યા છે. ધોધમાર વરસાદ પડતા શહેરના મુખ્ય માર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યા છે. ત્યાં જ ઠેર-ઠેર પાણી ભરાતા પાલિકાની પ્રિ-મોન્સુન કામગીરી પર સવાલ ઉઠ્યા છે. જૂનાગઢના માંગરોળમાં લાલ બાગ વિસ્તારમાં વીજળી પડી છે. વીજળી પડતા અગાસીમાં કામ કરતા ૨ ભાઈઓ ઈજાગ્રસ્ત થયા છે. બન્નેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા છે. વીજળી પડવાથી ઘરની દીવાલોમાં તીરાડો પડી હતી, જયારે આજુબાજુના મકાનોના વીજ ઉપકરણોને નુકશાન થયુ હતુ.

માણાવદર શાક માર્કેટ તેમજ અન્ય વિસ્તારોમાં પાણી ભરાયા છે. ભારે વસાદના પગલે રાહદારીઓ તેમજ વાહન ચાલકો મુશ્કેલીમાં મૂકાયા છે. ત્યાં જ અમરેલીમાં મેઘરાજાએ ધબધબાટી બોલાવતા લોકોના ઘર અને દુકાનોમાં વરસાદી પાણી ઘૂસી ગયા હતા ત્યાં જ વરસાદી પાણીમાં ભેંસો પણ તણાઈ હતી. જૂનાગઢના માણાવદરમાં એક સાથે ૬૮ એમએમ વરસાદ ખાબકતા જનજીવન ખોરવાયું છે અને રસ્તાઓ બેટમાં ફેરવાઇ ગયા છે.

બીજી તરફ હવામાન વિભાગ તરફથી વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, અરબી સમુદ્રમાં વરસાદી સિસ્ટમ શક્રિય થઇ છે જેથી સમગ્ર ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. આ દરમિયાન દરિયા કિનારે પવન ફૂંકાઈ શકે છે અને કેટલાક વિસ્તારમાં ૪૦ કિ.મીની ઝડપે પવન ફૂંકાશે.ગીર સોમનાથ જિલ્લામાં પણ તમામ તાલુકામાં આજે સવારથી વરસાદ શરૂ થયો હતો જેમાં સૌથી વધુ જિલ્લાના ઉનામાં સવા ઈંચ વરસાદ ખાબક્યો હતો. જિલ્લાના તમામ તાલુકામાં સાર્વત્રિક વરસાદના પગલે ખેડૂતોમાં ખુશીની લહેર પ્રસરી ગઈ છે.

## સંસદનું ચોમાસું સત્ર ૧૮ જુલાઈથી શરૂ થઈ શકે છે, ૧૭ દિવસ સંસદ ચાલે તેવી સંભાવના

નવીદિલ્હી,તા.૧૫

ભારતીય સંસદનું મોનસૂન સત્ર શરૂ થવામાં હવે થોડા દિવસો બાકી છે. દેશમાં મોનસૂન સત્ર સાથે જ સંસદનું મોનસૂન સત્ર પણ જુલાઇના ત્રીજા અઠવાડિયાથી એટલે કે ૧૮ જુલાઈથી શરૂ થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ સત્ર ઓગસ્ટના બીજા અઠવાડિયા સુધી ચાલવાની સંભાવના છે. સરકારી સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર જોકે આ વિશે હજુ સુધી અંતિમ નિર્ણય લેવાનો બાકી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સંસદીય બાબતોના મંત્રીમંડળીય સમિતિ વિભિન્ન સત્રો માટે તારીખોની ભલામણ કરે છે. દેશમાં નવા રાષ્ટ્રપતિ ચૂંટણી ૧૮ જુલાઈએ મતદાન થવાનું છે. આ મહત્વપૂર્ણ ઈવેન્ટને ધ્યાનમાં રાખતાં કેન્દ્ર સરકારે મોનસૂન સત્ર માટે પણ તૈયારીઓ શરૂ કરી દીધી છે. સરકારી સૂત્રોના અનુસાર રક્ષા મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતાવાળી સંસદીય બાબતોના મંત્રીમંડળીય સમિતિએ ૧૮ જુલાઈથી ૧૨ ઓગસ્ટ સુધી સંસદના મોનસૂન સત્રને ચલાવવાની ભલામણ કરી છે. આ તારીખો પર અંતિમ વિચાર કર્યા બાદ સંસદ સત્ર માટે આ શિડ્યૂલ પર મોહર લાગી જશે.

જો ૧૮ જુલાઈથી માંડીને ૧૨ ઓગસ્ટ સુધી તારીખો પર સંસદી બાબતોની મંત્રીમંડળીય સમિતિ મોહર લગાવી દે છે તો આ વખતે મોનસૂન સત્ર સંસદમાં ૧૭ દિવસ ચાલશે, કારણ કે આ દરમિયાન ૧૭ દિવસ કાર્યદિવસ રહે છે.

આ દરમિયાન સરકાર તરફથી ઘણા બિલ સંસદમાં રજૂ કરવામાં આવી શકે છે. તેમાં બજેટ સત્ર દરમિયાન સંસદીય સમિતિ પાસે મોકલવામાં આવેલા બજેટ સત્રના ચાર બિલ પણ સામેલ છે. આ વખતે મોનસૂન સત્ર દેશ માટે ખાસ રહેવાનું છે. આ દરમિયાન દેશના નવા રાષ્ટ્રપતિ મળી જશે. નવા રાષ્ટ્રપતિની ચૂંટણી માટે ૧૮ જુલાઈના રોજ મતદાન થવાનું છે અને ૨૧ જુલાઈના રોજ મતગણતરી બદ ૨૫ જુલાઈના રોજ દેશને નવા મહામિમત પોતાનો કાર્યભાર ગ્રહણ કરી લેશે. આ સાથે જ ૧૦ જુલાઇના રોજ દેશના ઉપરાષ્ટ્રપતિનો કાર્યકાળ પણ ખતમ થવા જઈ રહ્યો છે. જોકે અત્યારે તેની ચૂંટણીની જાહેરાત થઈ નથી. પરંતુ ઉપરાષ્ટ્રપતિનો કાર્યકાળ પુરો થતાં પહેલાં કાર્યક્રમની જાહેરાત થઇ શકે છે. એવામાં આ મોનસૂન સત્ર દેશના નવા મહામુહિમ અને ઉપરાષ્ટ્રપતિ માટે હશે.

## કાશ્મીરમાં મોટુ કદમ: જમાતની 300 શાળાઓ સીલ કરવા આદેશ

શ્રીનગર,તા.૧૫

પ્રતિબંધીત જમાત એ ઈસ્લામી સાથે સંબંધીત સલાહ એ આમ (એફએટી) તરફથી સંચાલીત કાશ્મીરની ખીણમાં ૩૦૦ જેટલી સ્કુલો બંધ કરવાનો સરકારે આદેશ આપ્યો છે, બીજી બાજુ કાશ્મીરમાં શોપિયામાં અથડામણમાં બે આતંકીઓ ઠાર થયા હતા, જેમાં એક ૨ જી જુને બેંક્ર મેનેજર વિજયકુમારની હત્યામાં સામેલ હતો.

આ અંગેની વિગત એવી છે કે કાશ્મીરમાં પ્રતિબંધીત જમાત એ ઈસ્લામી સંબંધીત ફલાહ એ આમ (એફએટી) સંચાલીત ૩૦૦ જેટલી સ્કુલોને બંધ કરવાનો સરકારે આદેશ જાહેર કર્યો છે.

## કોરોનાની રફતાર યથાવત, છેલ્લા ૨૪ કલાકમાં ૮ હજારથી વધુ કેસ, ૧૫ દર્દીઓના મોત

નવીદિલ્હી,તા.૧૫

ભારતમાં કોરોનાના કેસો સતત ઝડપથી વધી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી દરરોજ કોરોનાના ૮ હજારથી વધુ કેસ સામે આવી રહ્યા છે. હવે સરકાર દ્વારા છેલ્લા ૨૪ કલાકના આંકડા પણ જાહેર કરવામાં આવ્યા છે, જેમાં આ જ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૮,૮૨૨ નવા કેસ નોંધાયા છે. કોરોનાને કારણે ૧૫ લોકોના મોત થયા છે. આ આંકડા બાદ ભારતમાં સક્રિય કેસની કુલ સંખ્યા ૫૩,૬૩૭ પર પહોંચી ગઈ છે. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં ૫,૭૧૮ લોકોને રજા આપવામાં આવી છે. નવા કોરોના કેસ પછી, કોરોના કેસની કુલ સંખ્યા ૪,૩૨,૪૫,૫૧૭ પર પહોંચી ગઈ છે, જયારે કુલ રિકવરી ૪,૨૬,૬૭,૦૮૮ છે. કોરોનાના કારણે કુલ મૃત્યુઆંક ૫,૨૪,૭૯૨ પર પહોંચી ગયો છે. દેશમાં



રસીકરણ પણ ઝડપથી ચાલી રહ્યું છે. અત્યાર સુધીમાં કુલ ૧,૯૫,૫૦,૮૭,૨૭૧ રસીકરણ કરવામાં આવ્યું છે.

હવે જો આપણે આજે નોંધાયેલા કુલ કેસની સરખામણી પાછલા દિવસના એટલે કે ૧૪ જૂનના આંકડા સાથે કરીએ તો કોરોનાના કેસોમાં નોંધપાત્ર વધારો થયો છે. જ્યારે ૧૪ જૂને કુલ ૬૫૯૪ નવા કેસ નોંધાયા હતા, જ્યારે આજે ૧૫ જૂને તેમાં લગભગ ૩ હજારનો વધારો જોવા મળ્યો છે. જો કે આ પહેલા પણ છેલ્લા કેટલાક દિવસોથી દરરોજ કોરોનાના લગભગ ૮ હજાર નવા કેસ સામે આવી રહ્યા છે. જેના કારણે છેલ્લા ૨૦ દિવસમાં કોરોનાના સક્રિય કેસની સંખ્યા બમણીથી વધુ થઈ ગઈ છે. પરંતુ રાહતની વાત એ છે કે હોસ્પિટલમાં દાખલ દર્દીઓની સંખ્યામાં વધારો થયો નથી. એટલે કે, લોકોમાં કોરોનાના હળવા લક્ષણો જોવા મળી રહ્યા છે, જેના કારણે તેમને ઘરે ક્વોરેન્ટાઇન રહીને તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવાની સલાહ આપવામાં આવી રહી છે. તેનું કારણ ઝડપી રસીકરણ હોવાનું માનવામાં આવે છે.

## વિદેશી રોકાણ આકર્ષવામાં ગુજરાતનું પ્રદર્શન આઠ ગણું ઘટ્યું, કર્ણાટક ટોપ પર

નવીદિલ્હી,તા.૧૬

ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (એફડીઆઇ) આકર્ષનારા રાજ્યોની યાદીમાં ટોચના સ્થાને રહેવાના એક વર્ષ બાદ ગુજરાત છઠ્ઠા સ્થાને સરકી ગયું છે.ગુજરાતમાં વિદેશી રોકાણ મામલે પછડાટ જોવા મળી રહ્યું છે. ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (ડીપીઆઈઆઈટી)ના તાજેતરના ડેટા અનુસાર એફડીઆઇ આકર્ષવામાં કર્ણાટક, મહારાષ્ટ્ર, દિલ્હી, તમિલનાડુ અને હરિયાણા પછી ગુજરાત છઠ્ઠા ક્રમે છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ગુજરાત માત્ર રૂ. ૨૦,૧૬૯ કરોડનું વિદેશી રોકાણ આકર્ષવામાં સફળ રહ્યું હતું. ઉદ્યોગ નિષ્ણાતો કહે છે કે ૨૦૨૧-૨૨માં રાજકીય પ્રણાલીમાં ફેરફાર અને આગામી વિધાનસભાની ચૂંટણીઓ છતાં રોકાણકારો ગુજરાતને સ્થિર નીતિઓ ધરાવતા રાજ્ય તરીકે જુએ છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળ આવતા ડીપીઆઈઆઈટીના ડેટા મુજબ, વિદેશી રોકાણ આકર્ષવામાં ગુજરાતનું પ્રદર્શન આઠ ગણું ઘટ્યું છે. ૨૦૨૦-૨૧માં ગુજરાતમાં રૂ. ૧,૬૨,૮૩૦ કરોડનું વિદેશી રોકાણ આવ્યું હતું. અહેવાલ મુજબ, કર્ણાટક વર્ષ ૨૦૨૧-૨૨ માટે ૧,૬૨,૮૩૦ કરોડ રૂપિયા સાથે એફડીઆઇ યાદીમાં ટોચ પર છે. આ પછી ૧,૧૪,૯૬૪ કરોડ રૂપિયા સાથે મહારાષ્ટ્ર બીજા નંબર પર છે. આ જ સમયગાળા દરમિયાન દિલ્હીમાં રૂ. ૬૦,૦૦૦ કરોડનું એફડીઆઇ આવ્યું હતું. બીજી તરફ, તમિલનાડુ રૂ. ૨૨,૩૯૬ કરોડ અને હરિયાણા રૂ. ૨૦,૯૭૧ કરોડ ક્રમે છે.ટોચના છ રાજ્યોમાં માત્ર ગુજરાત અને મહારાષ્ટ્રમાં જ એફડીઆઇના પ્રવાહમાં ઘટાડો જોવા મળ્યો હતો. અન્ય તમામ રાજ્યોમાં કર્ણાટકમાં ૧૮૭ ટકા, દિલ્હીમાં ૫૦ ટકા, તમિલનાડુમાં ૩૦ ટકા અને હરિયાણામાં ૬૭ ટકા વૃદ્ધિ નોંધાઈ છે. ટોચના છ રાજ્યોમાં માત્ર ગુજરાત અને મહારાષ્ટ્રમાં જ એફડીઆઇના પ્રવાહમાં ઘટાડો જોવા મળ્યો હતો. કન્ફેડરેશન ઑફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી ગુજરાતના અધ્યક્ષ અને અનુપમ રસાયણ ઈન્ડિયા લિમિટેડના એમડી આનંદ દેસાઈએ જણાવ્યું હતું કે અન્ય તમામ રાજ્યોમાં કર્ણાટકમાં ૧૮૭ ટકા, દિલ્હીમાં ૫૦ ટકા, તમિલનાડુમાં ૩૦ ટકા અને હરિયાણામાં ૬૭ ટકા વૃદ્ધિ નોંધાઈ છે. ગુજરાતમાં ઘણું રોકાણ સ્થાનિક છે. તેથી જો તમે કુલ રોકાણને ધ્યાનમાં લો, તો ગુજરાત ઘણું સારું કરી રહ્યું છે, પરંતુ તેની એફડીઆઇ પર નિર્ભરતા અન્ય રાજ્યોની સરખામણીએ પ્રમાણમાં ઓછી છે.

## અર્ધલશ્કરી દળો અને આસામ રાઈફલ્સમાં નોકરી માટે અગ્નિવીરોને પ્રાથમિકતા મળશે : અમિત શાહ

નવીદિલ્હી,તા.૧૫

કેન્દ્ર સરકારે 'અગ્નિપથ યોજના' હેઠળ ચાર વર્ષ પૂરા કરનારા અગ્નિવીરો માટે સારા સમાચાર આપ્યા છે. વાસ્તવમાં, આ યોજના હેઠળ, સીએપીએફ અને આસામ રાઈફલ્સમાં ભરતીમાં ૪ વર્ષ પૂર્ણ કરનારા અગ્નિવીરોને પ્રાથમિકતા આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ટ્વીટ કરીને આ જાણકારી આપી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તેના ટ્વીટમાં લખ્યું છે કે 'અગ્નિપથ યોજના' યુવાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે પીએમ મોદીનો દૂરંદેશી અને આવકારદાયક નિર્ણય છે. આ સંદર્ભમાં, આજે ગૃહ મંત્રાલયે સીએપીએફ અને આસામ રાઈફલ્સની ભરતીમાં આ યોજના હેઠળ ચાર વર્ષ પૂર્ણ કરી ચૂકેલા અગ્નિવીરોને પ્રાથમિકતા આપવાનો નિર્ણય કર્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે અન્ય એક ટ્વિટમાં લખ્યું છે કે પીએમ મોદીના માર્ગદર્શન હેઠળ ગૃહ મંત્રાલયના આ નિર્ણયથી 'અગ્નિપથ યોજના' દ્વારા પ્રશિક્ષિત યુવાનો આગળ પણ દેશની સેવા અને સુરક્ષામાં યોગદાન આપી શકશે. આ નિર્ણય અંગે વિગતવાર આયોજનની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. 'અગ્નિપથ ભરતી યોજના' હેઠળ યુવાનોને ચાર વર્ષના સમયગાળા માટે સેનામાં જોડાવાની તક મળશે. સાડા ૧૭ વર્ષથી ૨૧ વર્ષની વયજૂથના યુવક-યુવતીઓ આ માટે લાયક ગણાશે. આ માટે ધોરણ ૧૦ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ અરજી કરી શકે છે. તે ૯૦ દિવસમાં શરૂ થશે. આ વર્ષે ૪૬ હજાર અગ્નિવીરોની ભરતી કરવામાં આવશે. પ્રથમ ભરતી પ્રક્રિયામાં યુવાનોને છ મહિનાની તાલીમ આપવામાં આવશે. તાલીમનો સમય પણ ચાર વર્ષમાં આવરી લેવામાં આવશે.

## શોપિયાંમાં લશ્કરના બે આતંકવાદીઓ ઠાર, બેંક મેનેજરની હત્યામાં સામેલ મોહમ્મદ લોન પણ માર્યો ગયો

શ્રીનગર,તા.૧૫

કાશ્મીરમાં તાજેતરના ટાર્ગેટ કિલિંગ દરમિયાન એક બેંક મેનેજરની હત્યા કરનાર આતંકવાદી સહિત લશ્કર-એ-તૈયબાના બે આતંકવાદીઓને મંગળવારે મોડી રાત્રે એક એક્રાઉન્ટર દરમિયાન સુરક્ષા દળોએ શોપિયાંમાં ઠાર માર્યા હતા.

જમ્મુ-કાશ્મીર પોલીસે આ અંગે માહિતી આપી હતી. કાશ્મીર ઝોનની પોલીસે ટ્વિટ કરીને કહ્યું કે, માર્યા ગયેલા બંને આતંકવાદીઓ લશ્કર સાથે સંકળાયેલા છે અને તેમની ઓળખ કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે, આ ઓપરેશન જમ્મુ-કાશ્મીર પોલીસ અને સેનાના સંયુક્ત ઓપરેશન હેઠળ કરવામાં આવ્યું હતું.

પોલીસ દ્વારા કરવામાં આવેલા અન્ય એક ટ્વિટમાં કહેવામાં આવ્યું છે કે , એક આતંકીની ઓળખ શોપિયાંના જાન મોહમ્મદ તરીકે થઈ છે. તે અન્ય આતંકી ઘટનાઓ સિવાય ૨ જૂને કુલગામમાં એક બેંક મેનેજરની હત્યામાં પણ સામેલ હતો. વિજય કુમાર રાજસ્થાનના હનુમાનગઢનો રહેવાસી હતો. કાશ્મીરના કુલગામમાં ડ્યુટી જોઇન કર્યા બાદ ૨ જૂને આતંકીઓએ તેની ગોળી મારીને હત્યા કરી દીધી હતી. ત્યાં લગાવેલા કેમેરામાં જોવા મળ્યું કે એક આતંકવાદી બેંકમાં ઘૂસી ગયો હતો અને બેંક મેનેજરને ગોળી મારી હતી.

બેંક મેનેજરની હત્યા બાદ લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. તાજેતરના સમયમાં ઘાટીમાં ટાર્ગેટ કિલિંગની ઘણી ઘટનાઓ સામે આવી છે. છેલ્લા વર્ષથી ટાર્ગેટ કિલિંગની ઘટનાઓ સામે આવી રહી છે અને પરપ્રાંતિય મજૂરો અને સ્થાનિક લઘુમતીઓને સતત નિશાન બનાવવાના અહેવાલો છે.

## તંત્રી સ્થાનેથી...

# 'પરિવાર' માટે પ્રદર્શન

*નેશનલ હેરાલ્ડ કેસમાં રાહુલ ગાંધીને ઇડીએ બે વખત પૂછપરછ માટે બોલાવ્યા તે દરમ્યાન કૉંગ્રેસ નેતાઓ-કાર્યકર્તાઓએ જે રીતે દિલ્હી સાથે દેશના અન્ય હિસ્સામાં સડકો પર ઉતરીને પ્રદર્શન કરીને એ સંદેશ આપવાની કોશિશ કરી કે તેમના નેતાની પજવણી કરવામાં આવી રહી છે, તેનાથી કૉંગ્રેસને જોકે કશું હાંસલ થાય તેમ લાગતું નથી. તેના અણસાર એટલા માટે નથી, કારણ કે આ મામલાને લઈને ઊઠેલા સવાલોના જેવા જવાબ કૉંગ્રસ તરફથી આપવામાં આવ્યા છે, તે શંકાનું નિવારણ નથી કરતા. આ મામલે તેની અવગણના ન કરી શકાય કે હજારો કરોડ રૂપિયાની પરિસંપત્તિ ધરાવતી એસોસિએટ જર્નલ લિમિટેડને યંગ ઇન્ડિયાને વેચવાની પ્રક્રિયા એટલી ન્યાયસંગત દેખાતી નથી, જેટલી કે કૉંગ્રેસ તરફથી જણાવવામાં આવે છે. આઝાદીની લડાઈ દરમ્યાન અખબારોના પ્રકાશન માટે બનાવવામાં આવેલ એસોસિએટ જર્નલ લિમિટેડમાં નેહરુની ભૂમિકા અવશ્ય હતી, પરંતુ તેમનો આ કંપની પર માલિકી હક્ક નહોતો. આ કંપનીના શેરધારકોમાં લગભગ પાંચ હજાર સ્વતંત્રતા સેનાની સામેલ હતા. કૉંગ્રેસ તરફથી આ સવાલનો કોઈ ઠોસ જવાબ નથી આપવામાં આવ્યો કે શેરધારકોની અનુમતિ વિના આ કંપનીનો માલિકી હક્ક એ યંગ ઇન્ડિયા કંપનીને કેવી રીતે આપી દેવાયો, જેમાં ૭૬ ટકા હિસ્સેદારી સોનિયા અને રાહુલ ગાંધીની છે અને બાકીનો હિસ્સો તેમના નજીકના નેતાઓ પાસે છે.*

*ઇડી તરફથી રાહુલ અને સોનિયા ગાંધીને પૂછપરછ માટે બોલાવાતાં કોગ્રેસ મોદી સરકાર પર નિશાનો તો સાધી રહી છે, પરંતુ તે એ ભૂલી જાય છે કે આ કેસ અદાલતમાં ત્યારે પહોંચ્યો હતો, જ્યારે યુપીએ સરકાર સત્તામાં હતી. કૉંગ્રેસ નેતાઓએ એ તથ્ય પણ ભૂલવું ન જોઇએ કે આ મામલે રાહુલ અને સોનિયા ગાંધી જામીન પર છે. જે કૉંગ્રેસ નેતા એવો હંગામો કરી રહ્યા છે કે મોદી સરકાર રાહુલ અને સોનિયા ગાંધીને પરેશાન કરવા માટે કેન્દ્રીય એજન્સીનો દુરુપયોગ કરી રહી છે, તેમને એ યાદ હોય તો બહેતર કે આ મામલે સુપ્રીમ કોર્ટ પણ તેમને રાહત આપવાનો ઇનકાર કરી ચૂકી છે. કૉંગ્રેસ નેતાઓ એ સાબિત કરવા માટે ગમે તેટલું જોર લગાવે કે આ એક રાજકીય મામલો છે, પરંતુ સત્ય એ છેકે આ ભ્રષ્ટાચાર સાથે જોડાયેલો એક કાનૂની મામલો છે અને એવા મામલે ધરણાં-પ્રદર્શનની રાજનીતિ કામ નથી લાગતી. જો સોનિયા અને રાહુલ ગાંધીને લાગતું હોય કે ઇડીને તેમની પૂછપરછનો કોઈ અધિકાર નથી તો પછી તેમણે પોતાના નેતાઓને સડક પર ઉતારવાને બદલે અદાલતમાં જવાનું હતું. એ વિચિત્ર છે કે કૉંગ્રેસ તરફથી એવી પ્રતીતિ કરાવવામાં આવે છે કે 'પરિવાર' કોઈપણ નિયમ-કાયદાથી ઉપર છે.*

### સોનાના વાયદાના ભાવમાં રૂ.૪૭૫ અને ચાંદીમાં રૂ.૧,૨૭૯નો ઉછાળો

# ક્રૂડ તેલમાં પ્રત્યાઘાતી ઘટાડોઃ કોટનમાં સુધારોઃ મેન્થા તેલ ઢીલુંઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૧૫૭૦ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૮૧૦૬ કરોડનું ટર્નઓવર

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૨૪,૦૩૯ સોદાઓમાં કુલ રૂ.૧૯,૭૨૮.૩૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૧૫૬૯.૬૬ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૮૧૦૫.૯૩ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧,૧૦,૬૭૪ સોદાઓમાં કુલ રૂ.૬,૪૮૯.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૦,૨૬૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૦,૭૪૫ અને નીચામાં રૂ.૫૦,૨૧૧ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૭૫ વધી રૂ.૫૦,૬૭૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૬૪ વધી રૂ.૪૦,૫૩૯ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩૦ વધી રૂ.૫,૦૫૩ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૩૯૮ના ભાવે ખૂલી, રૂ.૩૯૬ વધી રૂ.૫૦,૬૪૭ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૯,૮૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૮૮૨ અને નીચામાં રૂ.૫૯,૮૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૨૭૯ વધી રૂ.૬૦,૭૮૦ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧૧૮૨ વધી રૂ.૬૧,૦૩૬ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧,૧૫૩ વધી રૂ.૬૧,૦૩૭ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૦,૨૯૯ સોદાઓમાં રૂ.૧,૭૦૫.૧૮ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જૂન વાયદો ૧ કિલોદીઠ રૂ.૩.૪૫ વધી રૂ.૨૨૦.૯૦ અને જસત જૂન વાયદો રૂ.૬.૫૫ વધી રૂ.૩૧૬ના ભાવ થયા હતા. આ સામે તાંબુ જૂન કોન્ટ્રેક્ટ રૂ.૭.૬૦ વધી રૂ.૭૫૭.૪૦ તેમ જ સીસું જૂન કોન્ટ્રેક્ટ રૂ.૦.૯૫ વધી રૂ.૧૮૩ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૪,૫૫૧ સોદાઓમાં કુલ રૂ.૩,૩૧૩.૬૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૯,૩૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૯,૩૨૬ અને નીચામાં રૂ.૯,૧૪૨ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૭૩ ઘટી રૂ.૯,૨૨૫ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨.૫૦ વધી રૂ.૫૭૬.૧૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭૬૪ સોદાઓમાં રૂ.૬૧.૪૩ કરોડનાં કામકાજ થયા હતા. કોટન જૂન વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૬,૮૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૭,૦૦૦ અને નીચામાં રૂ.૪૬,૬૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૦ વધી રૂ.૪૬,૯૫૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જૂન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૨૦ ઘટી રૂ.૧૦૪૭.૯૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૬૭૭.૩૬ કરોડનાં ૫,૩૦૪.૦૧૪ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩,૮૧૨.૦૧ કરોડનાં ૬૨૯.૦૫૮ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૭૩૦.૪૭ કરોડનાં ૧૮,૯૦,૭૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૫૮૩ કરોડનાં ૨૭૭૦૮૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૪૦.૬૬ કરોડનાં ૮૭૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૨૦.૭૭ કરોડનાં ૧૯૫.૪૮ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૭૦૭.૩૬૭ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૫૧.૫૨૬ ટન, ક્રૂડ તેલમાં ૮૩૭૩૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૬૯૨૦૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૬૯૪૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૫૧૮.૦૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૫૨.૭૩ કરોડનાં ૭૩૮ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ જૂન વાયદો ૧૪,૨૨૦ના સ્તરે ખૂલી, ૧૬૦ પોઈન્ટ વધી ૧૪,૩૫૦ના સ્તરે હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૮,૧૦૫.૯૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૨૫.૨૪ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૩૪.૭૯ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬,૩૮૦.૯૯ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૩૬૩.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૧૦૧.૧૧ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ જૂન રૂ.૯,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૫ ખૂલી, ઉપરમાં રૂ.૨૬.૨૦ અને નીચામાં રૂ.૬.૭૦ રહી, અંતે રૂ.૫૯.૨૦ ઘટી રૂ.૧૧.૨૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૩ ખૂલી, ઉપરમાં રૂ.૨૭ અને નીચામાં રૂ.૨૧ રહી, અંતે રૂ.૨.૭૫ વધી રૂ.૨૬ થયો હતો. સોનું જુલાઈ રૂ.૫૪,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૫ ખૂલી, ઉપરમાં રૂ.૧૬૫.૫૦ અને નીચામાં રૂ.૧૪૫ રહી, અંતે રૂ.૧૫ વધી રૂ.૧૬૪.૫૦ થયો હતો. ચાંદી જૂન રૂ.૬૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩૭૯ ખૂલી, ઉપરમાં રૂ.૫૯૮ અને નીચામાં રૂ.૩૫૦ રહી, અંતે રૂ.૨૦૬ વધી રૂ.૫૩૫.૫૦ થયો હતો. સોનું-મિની જૂન રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૦૭.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૪૫૦ અને નીચામાં રૂ.૩૦૭ રહી, અંતે રૂ.૬૨ વધી રૂ.૪૨૬ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જૂન રૂ.૯,૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૬૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૦૮.૫૦ અને નીચામાં રૂ.૪૨.૮૦ રહી, અંતે રૂ.૧૬.૧૦ વધી રૂ.૬૬.૩૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૫૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૩ ખૂલી, ઉપરમાં રૂ.૨૭.૩૦ અને નીચામાં રૂ.૨૧.૧૫ રહી, અંતે રૂ.૦.૬૫ વધી રૂ.૨૨.૬૦ થયો હતો. સોનું જુલાઈ રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૭૬ ખૂલી, ઉપરમાં રૂ.૭૭૬ અને નીચામાં રૂ.૬૧૦ રહી, અંતે રૂ.૧૭૨ ઘટી રૂ.૬૨૮.૫૦ થયો હતો. ચાંદી જૂન રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૦૬૦ ખૂલી, ઉપરમાં રૂ.૧,૦૬૦ અને નીચામાં રૂ.૬૮૦ રહી, અંતે રૂ.૬૦૮ ઘટી રૂ.૭૨૪ થયો હતો. ચાંદી-મિનીજૂન રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮૩૯.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૮૪૧ અને નીચામાં રૂ.૫૧૯ રહી, અંતે રૂ.૪૧૭ ઘટી રૂ.૫૬૦ થયો હતો.

# ગજેન્દ્ર મોક્ષની કથા

ક્ષીરસમુદ્રમાં ત્રિકૂટ પર્વત પર એક બળવાન હાથી અનેક હાથણીઓ અને બચ્ચાં સાથે રહેતો હતો.ઉનાળાની ગરમીમાં તે એક સરોવરમાં પરિવાર સાથે જલક્રીડા કરવા ગયો.હાથી જળક્રીડામાં તન્મય છે તે સમયે પ્રારબ્ધની પ્રેરણાથી એક બળવાન મગર આવી હાથીનો પગ પકડે છે.મગરની પકડમાંથી છુટવા ગજેન્દ્રે ઘણા પ્રયત્નો કર્યા પણ છોડાવી શક્યો નહી.હાથી સ્થળચર છે અને મગર જળચર છે.હાથી જળમાં દુર્બળ બને છે તેથી મગર હાથીને છોડતો નથી.

આ કથાનું રહસ્ય એવું છે કે સંસાર એ સરોવર છે.આ સરોવરમાં જીવાત્મા સ્ત્રી અને બાળકો સાથે ક્રીડા કરે છે,જે સંસારમાં જીવ રમે છે તે સંસારમાં તેનો કાળ (સમય) નક્કી હોય છે.મનુષ્ય કાળને જોતો નથી પણ કાળ સાવધાન થઈ બેઠો છે તે સતત જુએ છે અને જ્યારે મનુષ્ય ગાફેલ બને છે એવો તરત તેને પકડે છે.કાળને સંસાર સરોવર અને મગર એમ બે ઉપમા આપી છે.જે કામનો માર ખાય છે તેને કાળનો માર ખાવો જ પડે છે.મનુષ્ય કહે કે હું કામને ભોગવું છું પણ તે વાત ખોટી છે, કામ મનુષ્યને ભોગવી તેની શક્તિ ક્ષીણ કરે છે.

કાળ ઘણો જ બળવાન છે તેનાથી ભયભીત થઈને જે ભગવાનના શરણે જાય છે તેને ભગવાન બચાવી લે છે.મગરે હાથીનો પગ પકડ્યો છે તે જ રીતે કાળ આવે ત્યારે પગને પહેલાં પકડે છે.પગની શક્તિ એકદમ ઓછી થાય એટલે સમજવું કે કાળ સમીપમાં છે પરંતુ ગભરાયા વગર ઈશ્વર સ્મરણમાં લાગી જવું કારણ કે કાળ જ્યારે પકડે ત્યારે કાળની પકડમાંથી સ્ત્રી-પુત્ર કોઈ છોડાવી શકશે નહિ કે કોઈ પ્રયત્ન કામ લાગશે નહિ.

કાળના મુખમાંથી શ્રી હરિનું સુદર્શન ચક્ર છોડાવી શકે છે.જ્ઞાનચક્ર મળે તો આ મગર (કાળ) મરે છે. હાથીને મગરથી બચાવવા હાથણીઓ અને બચ્ચાંઓએ ઘણો પ્રયત્ન કર્યો પણ કોઈ કામ લાગ્યો નહિ.મગર હાથીને ઊંડેને ઊંડે લઇ જવા લાગ્યો.આ હવે મરશે જ એમ માનીને હાથણીઓ



અને બચ્ચાંઓ તેને છોડીને નાસી જાય છે.

ગજેન્દ્ર હવે એકલો પડ્યો.એકલા પડે એટલે જ્ઞાન જાગ્રત થાય છે.જીવ નિર્બળ બને એટલે તે ઈશ્વરને શરણે જાય છે.ગજેન્દ્ર નિરાધાર થયો તેને ખાતરી થઈ કે હવે મારૂં કોઈ નથી એટલે ઈશ્વરને પોકાર પાડે છે.

દાદા માંદા પડે છે અને જો થોડા દિવસ વધારે માંદા રહે તો ઘરનાં સર્વ ઈચ્છશે કે હવે આ મરી જાય તો સારૂં.ઘરનાં લોકોને બહુ સેવા કરવી પડે એટલે કંટાળો આવે છે.જેને માટે આખી જિંદગી દાદાએ પૈસાનું પાણી કર્યું છે તે જ લોકો ઈચ્છે છે કે હવે દાદા છૂટી જાય તો સારૂં.દીકરો નોકરીમાંથી રજા લઈને ઘેર આવ્યો હોય અને માંદગી લંબાય તો કહેશે કે મારી રજા પૂરી થાય છે એટલે હું જાઉં છું,દાદાને કંઈક થાય તો ખબર આપજો.

જીવ મૃત્યુ પથારીમાં એકલો છે ત્યારે ગજેન્દ્ર જેવી દશા થાય છે.અંતકાળે જીવને જ્ઞાન થાય છે પણ તે જ્ઞાન કામમાં આવતું નથી, તે વખતે શરીર એટલું બગડેલું હોય છે કે કંઈ થઈ શકતું નથી.મનુષ્ય ગભરાય છે કે "મેં કોઈ તૈયારી કરી નથી, મારૂં શું થશે?" જ્યાં ગયા પછી પાછું આવવાનું છે તેવી મુસાફરીની મનુષ્ય ઘણી જ તૈયારીઓ કરે છે પણ જ્યાં ગયા પછી પાછા આવવાનું નથી તેવી મોટી મુસાફરીની કોઈ તૈયારી કરતુ નથી.પરમાત્માને રાજી કરો તો બેડો પાર છે. અંતકાળમાં હરિ લેવા આવે તેવી ઈચ્છા હોય તો આજથી જ "હાય હાય"કરવાનું છોડી દઈને "હરિ હરિ" કરવાની ટેવ પાડો. જ્યાં સુધી શરીર સારૂં છે ત્યાં સુધી બાજી આપણા હાથમાં છે.શરીર બગડ્યા પછી કંઈ નહિ થાય.ગજેન્દ્ર બહુ અકળાયો ત્યારે તે પ્રભુની સ્તુતિ કરવા લાગ્યો.પૂર્વજન્મમાં એણે જે મંત્રનો જપ કરેલો તે આ જન્મમાં યાદ આવે છે. ગજેન્દ્રની સ્તુતિનો બહુ મોટો મહિમા છે.સંસારી લોકોએ ગજેન્દ્રની સ્તુતિ નિત્ય કરવી જોઈએ. "કાળ મને પકડવા આવ્યો છે હે નાથ હું તમારે શરણે છું."

દેવતા અને ઋષિ પણ જેના સ્વરૂપને જાણતા નથી તો બીજા સાધારણ જીવ તો તમને કેમ જાણી શકે? તમારૂં વર્ણન કેમ કરી શકે? એવા દુર્ગમ ચરિત્રવાળા પ્રભુ મારી રક્ષા કરો. હું પશુ છું,કાળના પાશમાં ફસાયો છું.મારા જેવા શરણાગત,પશુ-તુલ્ય, અવિદ્યાગ્રસ્ત જીવની,અવિદ્યારૂપ ફાંસીને સદાને માટે કાપી નાખવાવાળા અત્યંત દયાળુ તેમજ દયામાં કોઈ પણ દિવસ આળસ નહિ કરવાવાળા નિત્ય મુક્ત પ્રભુને હું વંદન કરૂં છું.તમારા અંશથી સર્વ જીવોના મનમાં તમે અંતર્યામીરૂપથી પ્રગટ રહો છો.સર્વના નિયંતા અને અનંત એવા પરમાત્માને હું વંદન કરૂં છું.

જેઓ શરીર,પુત્ર,મિત્ર,ઘર સંપત્તિ અને સ્વજનોમાં આસક્ત છે તેઓને તમારી પ્રાપ્તિ થવી અતિ કઠિન છે કારણકે તમે સ્વયં ગુણોની આસક્તિ રહિત છો.જીવનમુક્ત પુરૂષ પોતાના હૃદયમાં તમારૂં નિરંતર ચિંતન કરતો રહે છે એવા જ્ઞાન સ્વરૂપ સર્વ સમર્થ ભગવાનને હું વંદન કરૂં છું. હે નાથ મારા પર કૃપા કરો, મારી રક્ષા કરો, હું તમારે શરણે આવ્યો છું.

ગજેન્દ્ર આ પ્રમાણે આર્દ્ર બનીને શ્રી હરિની સ્તુતિ કરે છે.કાળ પકડે ત્યારે જીવ કેવો ગભરાય છે? તે આ ગજેન્દ્રના ઉદાહરણને યાદ કરીને ગજેન્દ્રે જે ભગવાનની સ્તુતિ કરી હતી તેનો પાઠ કરજો તો અંતકાળ સુધરશે અને પરમાત્મા લેવા આવશે.ગજેન્દ્રની પ્રાર્થના સાંભળી નિરાધારના આધાર પ્રભુ દોડતા આવ્યા છે.ગજેન્દ્રે જોયું કે પરમાત્મા આવ્યા છે તો તેણે સરોવરમાંથી એક કમળ ઊંચકી પ્રભુને અર્પણ કર્યું.તુલસી અને કમળ પરમાત્માને અતિ પ્રિય છે.કમળ પરમાત્માની નાભિમાંથી નીકળ્યું છે તેમની પોતાની સૃષ્ટિનું છે. બ્રહ્માજીની સૃષ્ટિનું નથી.સુદર્શનચક્રથી ભગવાને મગરને માર્યો છે.મગર આ પહેલાં હૂહૂ નામનો ગંધર્વ હતો. દેવલઋષિના શ્રાપના લીધે તેને આ ગતિ પ્રાપ્ત થઈ હતી.અત્યારે તે ભગવાનની કૃપાથી મુક્ત થઈ ગયો.

કાળનો નાશ જ્ઞાનચક્રથી થાય છે એવું જ્ઞાન થાય કે સર્વમાં ભગવાન દેખાય છે.બ્રહ્મદૃષ્ટિ થાય. અજ્ઞાનીને સંસાર બાધક છે,જ્ઞાનીને માટે જગત રહેતું નથી.અજ્ઞાનની પકડમાંથી છૂટવાનું છે.પૂર્વજન્મમાં આ ગજેન્દ્ર ઈન્દ્રધુમ્ન નામનો રાજા હતો.તે ધ્યાનમાં બેઠો હતો તે વખતે અગસ્ત્ય મુનિ આવ્યા.રાજા ઉઠીને ઉભા થયા નહિ એટલે મુનિને લાગ્યું રાજા મારૂં અપમાન કરે છે તેથી તેમણે રાજાને શાપ આપ્યો કે તું જડ પશુની જેમ બેસી રહ્યો તેથી તને પશુનો અવતાર મળશે.પૂર્વજન્મમાં ગજેન્દ્રે ખુબ ભજન કરેલું એટલે ગજેન્દ્ર યોનિમાં તેને પ્રભુ યાદ આવ્યા છે.મરણ એટલે અત્યંત વિસ્મરણ.મર્યા પછી પૂર્વજન્મ યાદ આવતો નથી.જે સંસ્કાર અતિ દ્રઢ હોય તે યાદ આવે છે.

શરીર સારૂં છે ત્યાંસુધી માનવ ભક્તિ કરતો નથી.શરીર જ્યારે બહુ બગડે છે ત્યારે બુદ્ધિ થોડી સુધરે છે પણ એવા સમયે માનવ કંઇ કરી શકતો નથી.શરીર સારૂં છે ત્યાં સુધી બાજી તમારા હાથમાં છે પ્રેમથી પૂજા કરો,ગજેન્દ્રમોક્ષનો પાઠ કરો,સેવા સુમિરણ સત્સંગ કરો તો અંત કાળમાં ભગવાન લેવા આવશે. ભગવાન કહે છે કે જે સમગ્ર જીવન દરમ્યાન મારી સ્તુતિ,પૂજા-પાઠ,સેવા સુમિરણ સત્સંગ કરે છે અને અંત સમયમાં અતિશય દુ:ખના કારણે મને ભૂલી જાય છે ત્યારે હું તેને યાદ કરૂં છું,એનું મરણ સુધારૂં છું.અતિશય સુખમાં અને અતિશય દુ:ખમાં ભગવાન ન ભુલાય તેવી ટેવ પડજો.જે જે સંસ્કાર મનમાં દ્દઢ થાય તે સંસ્કાર બીજા જન્મમાં અને અંતકાળે કામ લાગશે.

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

### પશ્ચિમ ભારતમાં એની ઓમ્નિચેનલ કામગીરી મજબૂત કરવાનો ઉદ્દેશ

# પેપરફ્રાયે ગુજરાતના ગાંધીનગરમાં એનો નવો સ્ટુડિયો શરૂ કર્યો

ઈકોમર્સ ફર્નિચર અને હોમ ગૂડ્સ કંપની પેપરફ્રાયે ગુજરાતના ગાંધીનગરમાં એનો પ્રથમ સ્ટુડિયો શરૂ કરવાની જાહેરાત કરી હતી. ઓફલાઇન વિસ્તરણ કંપનીના આકર્ષક બજારોમાં પહોંચવાના તથા ભારતમાં હોમ અને લિવિંગ માર્કેટપ્લેસમાં ઓમ્નિચેનલ વ્યવસાય ઊભો કરવાના ઉદ્દેશને સુસંગત છે. અત્યારે પેપરફ્રાય દેશમાં ૮૦ શહેરોમાં ૧૬૦ સ્ટુડિયો સાથે કાર્યરત છે.




કંપનીએ એનો પ્રથમ સ્ટુડિયો વર્ષ ૨૦૧૪માં શરૂ કર્યો હતો. નવો સ્ટુડિયો બોધી મેટ્રોલોજી સેન્ટર સાથે જોડાણમાં શરૂ થયો છે, જે ગાંધીનગરમાં કુડાસણમાં મોકાના વિસ્તારમાં સ્થિત છે તથા ૪૨૦ ચોરસ ફીટ કાર્પેટ એરિયામાં ફેલાયેલો છે. આ ગ્રાહકોને ફર્નિચર અને હોમ પ્રોડક્ટ્સના વિશાળ કેટાલોગનો વ્યવહારિક અનુભવ પૂરો પાડે છે, જેને પેપરફ્રાયની વેબસાઇટ પર ઉપલબ્ધ ૧ લાખથી વધારે પ્રોડક્ટના વિશિષ્ટ પોર્ટફોલિયોમાંથી કાળજીપૂર્વક પસંદ કરવામાં આવ્યો છે. ગ્રાહકોને દેશના ઈન્ટેરિયર ડિઝાઇન કન્સલ્ટન્ટ્સ પાસેથી વિશેષ ડિઝાઈન પર સલાહ મળશે. ગાંધીનગરમાં સ્ટુડિયોનો ઉદ્દેશ ગુજરાતમાં ઘર અને ગ્રાહકોની વિશિષ્ટ જરૂરિયાતો પૂરી પાડવા ખરીદીનો અંગત અનુભવ આપવાનો છે. વર્ષ ૨૦૧૭માં શરૂ થયેલું પેપરફ્રાય ફ્રેન્ચાઇઝ બિઝનેસ મોડલ ઓર્ડર પૂર્ણ કરવાની અને પેપરફ્રાય દ્વારા વેચાણ પછીની સેવા પૂરી પાડે છે, જેને સ્ટુડિયો ડિઝાઇન, લોંચ અને સેટ અપ, કાર્યકારી માર્ગદર્શન, માર્કેટિંગ અને પ્રમોશન પર ટેકો પ્રાપ્ત છે. પેપરફ્રાય સ્થાનિક ઉદ્યોગસાહસિકો સાથે જોડાણ કરે છે, જેઓ અતિ સ્થાનિક માગના ચક્રો અને પ્રવાહોથી વાકેફ હોય છે. પેપરફ્રાય દર મહિને આશરે ૮થી ૯ ફ્રેન્ચાઇઝી શરૂ કરે છે.

જૂન, ૨૦૨૧માં શરૂ થયેલો પેપરફ્રાય એક્સલરેટર પ્રોગ્રામ પેપરફ્રાયની ઓફલાઇન કામગીરી વધારવા શરૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની સૌથી વિશિષ્ટ બાબત છે – ફ્રેન્ચાઇઝ પાર્ટનર્સ દ્વારા જરૂરી મૂડીગત ખર્ચ રૂ. ૧૫ લાખથી શરૂ થાય છે. આ મોડલ ૧૦૦ ટકા પ્રાઇસ પેરિટી પર આધારિત છે અને પાર્ટનરને પ્રોડક્ટ ઈન્વેન્ટરી રાખવાની જરૂર નથી, જે તેને પારસ્પરિક લાભદાયક વ્યવસાયિક જોડાણ બનાવે છે.આ લોંચ પર પેપરફ્રાયના ફ્રેન્ચાઇઝિંગ અને એલાયન્સિસના બિઝનેસ હેડ અમૃતા ગુપ્તાએ કહ્યું હતું કે, "અમને બોધી મેટ્રોલોજી સેન્ટર સાથે જોડાણમાં ગાંધીનગરમાં અમારો નવો સ્ટુડિયો શરૂ કરવાની ખુશી છે. પેપરફ્રાય ફ્રેન્ચાઇઝીની માલિકી હોવી ઉદ્યોગસાહસિકની સફળતા છે અને અમારો ઉદ્દેશ મેટ્રોપોલિટન અને ટિઅર ૧ શહેરો ઉપરાંત અન્ય વિસ્તારોના ગ્રાહકો સુધી પહોંચવાનો છે. અમારા ફ્રેન્ચાઇઝ પાર્ટનર્સમાં સફળ વ્યવસાયો, મહિલા ઉદ્યોગસાહસિકો, પૂર્વ સૈન્ય અધિકારીઓ અને પ્રથમ પેઢીના ઉદ્યોગસાહસિકો સામેલ છે. અત્યારે પેપરફ્રાયના અમારા મોટા ભાગના ગ્રાહકો એઆર અને વર્ચ્યુઅલ પ્રોડક્ટ ઈન્ટરેક્શન્સનો ઉપયોગ કરે છે. દુનિયાભરમાં ઘર નામની લાગણી પેદા કરવાના અમારા અભિયાન સાથે અમે ગ્રાહકને શ્રેષ્ઠ સેવા સતત પ્રદાન કરવા પ્રયાસરત છીએ."

બોધી મેટ્રોલોજી સેન્ટરના માલિક મનોજ દવેએ કહ્યું હતું કે, "અમને પેપરફ્રાય સાથે જોડાણ કરવાની ખુશી છે. કંપનીએ વિશિષ્ટ ઓમ્નિચેનલ વ્યવસાય ઊભો કર્યો છે. અમને આશા છે કે, અમારું જોડાણ ગ્રાહકોને શ્રેષ્ઠ સેવા આપવામાં મદદરૂપ થશે."

# અષાઢી બીજ તથા ગુરૂપૂર્ણીમાનાં પવિત્ર તહેવાર સંદર્ભે કતલખાના, નોનવેજનાં વેચાણ બંધ રખાવવા એનીમલ હેલ્પલાઈન દ્વારા ગુજરાત સરકારને રજૂઆત

એનીમલ હેલ્પલાઈન દ્વારા અષાઢી બીજે તા. ૦૧, જુલાઈ, શુક્રવારનાં તથા ગુરૂપૂર્ણીમાં તા.૧૩ જુલાઈ, બુધવારનાં રોજ કતલખાના, ઈંડા, માસની લારીઓ, દુકાનો બંધ રખાવવા ગુજરાત સરકારને રજુઆત કરવામાં આવી છે. અષાઢી બીજ આનંદ અને ભારે શ્રધ્ધા સાથે ધામધૂમે ઉત્સાહથી ઉજવણી કરવામાં આવે છે. કચ્છીનું નવું વર્ષ અષાઢી બીજ ગણાય છે. કચ્છી માડુઓ અષાઢી બીજના દિનને નવા વર્ષ તરીકે ધામધુમથી ઉજવતા હોય છે તથા ગુરૂપૂર્ણીમાં તા.૧૩ જુલાઈ, બુધવારે, ગુરૂપૂર્ણિમાનાં પાવન દિવસે કતલખાનાં, ઈંડા, માસની લારીઓ, દુકાનો બંધ રખાવવા ગુજરાત સરકારને રજુઆત કરવામાં આવી છે.

ગુરૂપૂર્ણિમાંનાં પાવન દિવસ સમગ્ર ભારતભૂમિ પર બધા જ ધર્મનાં લોકોની જુદી જુદી રીતે ઉજવાતો હોય છે. આ બધાયમાં એક સમાન વસ્તુ કહી શકાય તે એવી તે બધા એક સાથે માને છે અને પૂજે છે તે છે ગુરૂ કોઈપણ હોય શકે સંત. મહાત્મા કે કોઈના ફાધર કે કોઈ એક સાધારણ શાખા કે કોલેજમાં ભણાવતા કોઈપણ ગુરૂ જ હોય છે શાળા એક એવી પહેલી જગ્યા છે જયાં એક બાળક તેમના જીવનમાં પહેલી વખત ગુરૂના સંપર્કમાં આવે છે, અને ગુરૂ તેમને તેમનાં જીવનનો પવિત્ર ઉપદેશ આપે છે.

ઉપરોકત બન્ને દિવસોની પવિત્રાતા અને સમસ્ત જન પરીવારોની આસ્થાને ધ્યાનમાં લઈને સમાજની લાગણી ના દુભાય તે માટે જાહેર કતલખાના તેમજ જાહેર લારી તેમજ દુકાનોમાં વહેંચતા માંસ, ઈંડા અને મચ્છીના વેપાર સદંતર બંધ રાખવા સમસ્ત ધર્મપ્રેમી જનતા વતી ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડના મિતલ ખેતાણી, એનીમલ હેલ્પલાઈનનાં પ્રતીક સંઘાણી, રમેશભાઈ ઠક્કર, ધીરૂભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ દ્વારા ગુજરાત સરકારને વિનંતી કરાઈ છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



**NOG SS-0011**

વિભાગઃ- પધ

વિષયઃ- આવ રે વરસાદ

પ્રકારઃ- બાળગીત

શીર્ષકઃ- આવે રે વરસાદ...

આવું છું કહી ધોધમાર ખાબકે એ આવે રે વરસાદ,
વીજનાં ચમકારા ને મેઘ ગર્જના સંગે આવે રે વરસાદ....આવે રે વરસાદ
ઝરઝર આવતાં વરસાદમાં સરસર કરતી જાય હોડી,
ને ફરફર પડતાં વરસાદમાં ઝટપટ તરતી જાય હોડી...આવે રે વરસાદ
એ ઉડી ઉડી છત્રી મારી ને થાય, કાગડો વરસાદમાં,
આવતાં જતાં લોકો હસે ને આવે ઝાટકો વરસાદમાં...આવે રે વરસાદ
નાનું નાનું ઝરણું ધડધડ દોડ્યું જાતું' તું આંગણેથી,
ટપટપ ટપકતાં ટીપાંનો અવાજ સાંભળું બારણેથી...આવે રે વરસાદ
નાગણ શા દોડે વીજનાં પાટા ને વાદળનો ગડગડાટ,
મોરલાનો ટહુકારથી વર્ષા આવે ધરા પર સડસડાટ.....આવે રે વરસાદ
મન મારું મોહી લઈ દોડતું, જ્યારે આવે રે વરસાદ,
ખુશીની હેલીના મોજા ઉછળતાં ને આવે રે વરસાદ...આવે રે વરસાદ
તોફાની મેહુલિયો આવે ને કરતો તહેવારોની લ્હાણી,
આવે રે વરસાદ ને દિલો પર છવાતી ઉમંગની ઉજાણી...આવે રે વરસાદ

મનોજકુમાર પંચાલ, "મન",પાલનપુર

---

**NOG SS No.111**

વિષયઃ આવ રે વરસાદ

વિભાગઃ ગદ્ય

શબ્દસંખ્યાઃ ૩૨૭

શીર્ષકઃ મોસમ છલકે

' આવ રે વરસાદ, ઘેવરિયો પરસાદ. ઊની ઊની રોટલીને કારેલાનું શાક.' ગાતાં ગાતાં આપણે, કાગળની હોડીઓ તરાવીને , ફુલાતાં આપણે ક્યારે બાળપણમાંથી યુવાવસ્થામાં પ્રવેશ્યાં તેની ખબર જ ન પડી.

આ સાથે જ વરસાદ માણવાના પરિમાણ પણ બદલાયાં.વરસતા વરસાદમાં ફૂટબોલ રમતાં, છત્રીને ઊલટી કરી વરસાદ ઝીલતાં થયાં. દોસ્તો કે સખીઓ સંગે ભીંજાતાં મસ્તી કરતાં થયાં. મકાઈનાં ગરમ ભુટ્ટા પર લીંબુ, મરચું લગાવી સીસકારાનો આનંદ પણ માણ્યો. તેનાથી આગળ વધીને પ્રિયજન સાથે એક છત્રીમાં વાતો કરતાં, ચાલતાં ચાલતાં વરસાદનો આનંદ ઊઠાવવાની મજા પણ માણી લીધી. કેફેમાં બેસી ગરમ ગરમ કોફીના ઘૂંટ લેતાં વરસાદ નિહાળવાની આને પ્રિયજનની સંગતનો અનેરો આનંદ પણ લીધો.

વય વધતાં, જવાબદારીઓ વધતાં, ઘરે બેસી ગરમ ચા સાથે ભજીયાનો સ્વાદ પણ વયની સાથે માણી લીધો. આમ જીવનનાં દરેક તબક્કે વરસાદનો આનંદ માણવાની રીત તબક્કાવાર બદલાણી પરંતુ એક વાત કાયમ રહી તે વરસાદનો ભરપૂર આનંદ.

વરસાદ આવતાંની સાથે જ કુદરત પણ પૂર બહારમાં ખીલે છે. વૃક્ષો, છોડવાંઓ અને વેલીઓ વરસાદમાં ન્હાઈને તાજાં થાયછે. ઝરણાંઓ મન મૂકીને ડુંગર પરથી નાચતાં, કૂદતાં ઉતરે છે. વરસાદમાં ભીંજાઈને પંખીઓનાં પીંછાંનું રૂપ પણ બદલાઈ જાય છે.પશુઓ પણ ઝાડની નીચે કે કોઈ ઘરનું છત્ર શોધી ભીનાં થતાં બચે છે. આમ કુદરતનાં વિવિધ રૂપો આપણને મુગ્ધ કરી દે છે. બંને કાંઠે છલકાતી, વહેતી નદી તો મદભર માનુની દીસે છે.

આવી આ સૌંદર્યની મલ્લિકા વર્ષાઋતુનો ઠસ્સો જ નિરાળો દેખાય છે.રસિક મન જરૂર મેહુલિયાને માણવાની લાલચ રોકી ન જ શકે.વરસાદ એ દરેક વયમાં અનોખી રીતે માણવાની મજા છે, મસ્તી છે.

કોણ એવું અરસિક હશે જે આવાં સુંદર વરસાદ માણવાથી વંચિત રહી જાય! મને તો બાળપણથી જ વરસાદ મારાં પરમ મિત્ર જેવો લાગે છે. વરસતાં વરસાદને આજે વધતી જતી વયે નિહાળવાની આને ગરમ ચા પીવાની લાલચને હું રોકી શકતી નથી . તેમાં પણ પહેલા વરસાદની મજા આવે માટીની સોડમ તો તન -મનને તરબતર કરી મૂકે છે.

કહો, વરસાદ તો દરેક વયની વ્યક્તિઓનો પરમ મિત્ર છે. તો ચાલો, આપણે આપણાં આ દોસ્ત સાથે મનભરીને મોર અને ચાતકની જેમ ગુફ્તગુ કરી ભરપૂર મજા માણીએ

ભાવના આચાર્ય દેસાઈ 'ભાવુ',

**N.O.G. S.S. No 0102.**

નામઃ-. રતીલાલ વાયડા

વિષયઃ-વરસાદ.

પ્રકારઃ- ગદ્ય. લેખ.

શીર્ષકઃ- આવ રે વરસાદ.

રચનાઃ-

જલ એ જ જીવન છે. આકાશમાંથી થતી અમૃતવર્ષા માનવના જીવનનું કારણ બને છે.

જગતના તમામ પ્રાણીઓ વરસાદ વિના રહી શકે નહીં.

ભારતની ભૌગોલિક પરિસ્થિતિ જોઈએ તો, તે એશિયા ખંડમાં આવેલો સૌથી મોટામાં મોટો દ્વીપકલ્પ છે. નૈઋત્યના મોસમી પવનો મોટેભાગે ભારતમાં વરસાદ લાવે છે .જુનથી શરૂ કરી અને ઓક્ટોબર મહિના સુધી આખા દેશમાં ૯૦ ટકા જેટલો વરસાદ પડી જાય છે.

જૂન મહિનામાં મલબાર અને કોંકણ કિનારે વરસાદની શરૂઆત થાય છે અને ત્યાર પછી ગુજરાત તેમજ ભારતના જુદા જુદા ભાગોમાં વરસાદ પડે છે.હિમાચલના પહાડી પ્રદેશમાં અને ભારતના જુદા-જુદા ભાગમાં આ વરસાદની અસર થાય છે. પાછા ફરતા મોસમી પવનોનો પૂર્વ ભારત ને ઓક્ટોબર મહિનામાં વરસાદ આપે છે.

આ વરસાદ ક્યારેક-ક્યારેક ભારે તારાજી સર્જે છે. ચારે તરફ પૂર ,વાવાઝોડા ,વંટોળિયા વગેરેનું વાતાવરણ જોવા મળે છે અને જાનમાલને ભારે નુકસાન પહોંચાડે છે.

વરસાદના અનેક પ્રકારો જોવા મળે છે તે આ પ્રમાણે છે.

આજકાલ સમાચાર, છાપામાં કે પછી કોઈના મોઢેથી સાંભળતા હસો કે "બારેય મેઘ ખાંગા થયા"

પણ કોઈને ખબર નથી "બાર મેઘ" શું છે.?

ગુજરાતી સાહિત્યમાં વરસાદના બાર પ્રકાર પાડેલા છે

૧. ફરફર.
૨. છાંટા.
૩. ફોરા.
૪. કરા.
૫. પછેડીવા .
૬. નેવાધાર.
૭. મોલ મેહ.
૮. અનરાધાર.
૯. મુશળધાર.
૧૦. ઢેફાભાંગ.
૧૧. પાણ મેહ .
૧૨. હેલી.

૧. ફરફરઃ-
જેનાથી ફક્ત હાથ પગના રુવાળા ભીના થાય તેવો નજીવો વરસાદ.

૨. છાંટાઃ-
ફરફર થી થોડો વધારે વરસાદ .

૩. ફોરાઃ-
છાંટાથી મોટા ટીપા વાળો વરસાદ .

૪. કરા :-
ફોરાથી વધુ અને નાના બરફના ટુકડાનો વરસાદ .

૫. પછેડીવાઃ-
પછેડીથી રક્ષણ થાય તેવો વરસાદ .

૬. નેવાધાર :-
છાપરાના નેવા પરથી પાણીની ધાર વહે તેવો વરસાદ.

૭. મોલમેહ :-
મોલ - પાકને પૂરતો થઈ રહે તેટલો વરસાદ.

૮. અનરાધાર :-
એક છાંટા ને બીજો છાંટો અડે અને ધાર થાય એવો વરસાદ .

૯. મુશળધાર :-
અનરાધાર થી વધુ હોય એવો વરસાદ.
મુશળ - સાંબેલાધાર વરસાદ પણ કહેવામાં આવે છે.

૧૦. ઢેફાં :-
વરસાદની તીવ્રતાથી ખેતરમાં માટીના ઢેફાં ભાંગી જાય એવો વરસાદ.

૧૧. પાણ મેહ :-
ખેતરો પાણીથી ભરાઇ જાય અને કૂવાના પાણી ઉપર આવી જાય એવો વરસાદ .

૧૨. હેલીઃ-
અગિયાર પ્રકારના વરસાદથી કોઈ વરસાદ સતત એક અઠવાડિયું ચાલે તેને હેલી કહેવાય છે.

વરસાદ પડવાથી ધરતી લીલીછમ થઈ જાય છે. ચારે તરફ વનસ્પતિ જોવા મળે છે. જુદા જુદા પ્રકારના પાક ફળ-ફૂલ થોડા મહિનાઓમાં જ ઉગે છે. એટલું જ નહીં પરંતુ નદીઓ પાણીથી ઉભરાય છે ભારતના ૧૩૦ કરોડ લોકોને આ વરસાદનું પાણી જ પાલન પોષણ નું કારણ બને છે .જો વરસાદ ન હોય તો માનવ જીવન અને પ્રાણીમાત્ર તમામ ખતરામાં મુકાઈ જાય.

વરસાદની મોસમ આલ્હાદક હોય છે. માનવજીવનને આનંદ આપનારી હોય છે.ખેડૂતો ખેતીના કામમાં લાગી જાય છે આખી પ્રકૃતિ ખુબ સુંદર લાગે છે ધરતીએ જાણે નવા શણગાર સજ્યા હોય તેવું વાતાવરણ જોવા મળે છે.

આ મોસમમાં બાળકોને ખુબ આનંદ આવે છે. તેઓ ગીત ગાય છે અને કહે છે આવ રે વરસાદ મેહુલિયો પરસાદ ઉની ઉની રોટલી અને કારેલાનું શાક.

તન અને મનને આનંદ આપનારી અને સર્વને ધન-ધાન્યથી ભરપુર કરનારી આવી આ સુંદર વર્ષાઋતુ છે.

રતીલાલ વાયડા, નવી મુંબઈ.

# ખાલી બાટલાનો ફિલોસોફિકલ ઈન્ટરવ્યુ!!!

અચાનક ફોન રણક્યો.( ગિરધરભાઈ ફોન અચાનક જ રણકે. શો કોઝ નોટિસ કે સમન્સ કે જામીનલાયક કે બિનજામીનલાયક વોરંટ ઈસ્યું ન કરે. કૂકડાની જેમ ખાલી ફેંકાફેંક કરો છો!!)

સામા છેડે બખડજંતર ચેનલના સર્વેસર્વા બાબુલાલ બબુચક હતા.( બબુચક અમે સ્ટાફે પાડેલ નામ છે. બાબુલાલે વિગતો લખાવી અને કવરેજ કરવા હુકમ કર્યો.

હું -ગિરધરલાલ ગરબડીયા-સિનિયર રિપોર્ટર ( ભૈ જુનિયર કોઇ નથી એટલે જુનિયર એ જ સિનિયર કહેવાય છે. સિનિયર રિપોર્ટર રહેવાથી વજન પડે છે. જો કે, હું થીન વેફર જેવો હેવિવેઈટ છું.!!!)અને ઓલટાઈમ ગ્રેટ રાજુ રદી અમારી રામપિયારી લઈને સ્પોટ ખાતે પહોંચ્યા.

ગામને પાદર બાટલે બાટલા. પહેલી નજરે તો બાટલાનું ઓપન ગોડાઉન લાગે.

થોડો આગળ ગયા તો જેમ વિક્રમ વેતાળ વાર્તા ફેઈમ વેતાળ ઝાડ પર લટકતો હતું તેમ બાટલો લટકતો હતો!!

" તમને કેવું લાગે છે?" અમે બાટલાભાઈને પત્રકાર જગતમાં ઈન્ટરવ્યુ સમયે પૂછાતો પ્રશ્ન પૂછ્યો! ( એક વાર ગમખ્વાર અકસ્માતમાં નવજાત મૃતદેહને અમે આદતવશ આ સવાલ પૂછેલો. " બહું સારૂં લાગે છે." એમ કહી મડદાએ અમારી જાત બચાવેલી બોલો?!!)

" શું લાગે છે ? એની માનેપ.." બાટલો અકળાયો.

" સંયમ રાખો સભ્ય ભાષામાં જવાબ આપો"અમે વિનંતી કરી.

" પહેલાં મને નીચે ઉતારો.શરીર અકળાઇ ગયું છે, પ્લીલીલીઈઈઝ" અકળાયેલા બાટલાએ વિનંતી કરી.રાજુ અને અમોએ બાટલાને નજાકતથી વૃક્ષ પરથી નીચે ઉતાર્યો.

" હાશ.હવે જીવમાં જીવ આવ્યો હોય તેમ લાગે છે. હવે સમજાય છે કે પ્રભુ ઈશુને કેટલી યાતના થઇ હશે! મને તો સાલ્લાઓએ ત્રિશંકુની જેમ ચાર વરસથી લટકાવી દીધેલો!" બાટલો સડસડાટ બોલવા માંડ્યો.

" એ તો સમજ્યા ,પણ તમે વૃક્ષ લગી કેવી રીતે પહોંચ્યા ? તે વિશે જણાવશો?" અમે શ્રીયુત બાટલાને પૂછ્યું.

ધ્રુસ્કે ધ્રુસ્કે રડતા શ્રીમાનબાટલાચંદ્ર બોલ્યા," સર્વ સમસ્યાનું મૂળ રિકતતા, ખાલીપણુ, બિનઉપયોગીપણું છે."

"જરા વિગતે સમજાવશો?અમારી ( મંદ) બુધ્ધિ છે

" જુઓ. જયારે હું કચ્છડાની માફક છકડો બારે માસમાં આ મુફલીસના ઘરે આવેલો ત્યારે નંદઘેર આનંદ ભયો જય બાટલાલાલ કી ! મેં રીક્ષામાંથી ઉતર્યો ત્યારે હું ડઘાઇ ગયેલો. કયાં હું મહેલોમાં મહાલનાર અને કયાં સુદામાની ઝૂંપડી ?" મને વાપરીને ચા, રોટલા, ખીચડી , શાક કરીને રાજી થયા. એક દિવસ સ્ટવમાં લાલ ભડકા થયા અને સ્ટવ બંધ થઇ ગયો. મને આમતેમ હલાવ્યો. હું ખાલી હતો. મારું અમે સ્ટવનું ટૂંકું સહજીવન પૂરું થયું. સ્ટવને માળિયે અને વૃક્ષના ગાળિયે." વધુ બોલતાં બાટલો આંસુ રોકી ન શકયો.અમે સાંત્વન આપ્યું .

" તમારી જગ્યાએ બીજો ભરેલો બાટલો ન આવ્યો ?" અમે પૂછ્યું.

" ટુંકી આવકમાં ચાર છેડા માંડમાંડ ભેગા કરતા હોય તેમને મોંઘા ભાવનો બાટલો કયાંથી પોસાય?" બાટલાકુમાર તિરસ્કારપૂર્વક બોલ્યા.

દુનિયાન તમારો સંદેશ શું છે?" અમે આખરી સવાલ કર્યો.

" દોસ્તો. ભરેલા રહો ત્યાં સુધી જ તમારી કિંમત છે. ખાલી ચણો વાગે ઘણો એવી કહેવત છે તે બાટલા કે બાટલા સમુદાયને લાગુ પડતી નથી.એકટરની ડીમાંડ હોય ત્યારે પ્રોડયુસર,ડિરેક્ટર, સ્પોન્સર્સ, એડવર્ટમેન્ટ એજન્સી, હીરોઇનની, ફેન્સની ભીડભાડ રહે છે.

અન્યથા શેરીનું કૂતરાં સૂંઘવા જતા નથી. સન્નાટો, ખાલીપો, એકલતા, અવગણના, અપમાન માનવીને ઉધઈની જેમ કોરી નાંખે છે. માબાપ પાસે મિલકત હોય ત્યાં સુધી ગોળના દડબા પર માખી બણબણ તેમ સંતાનો આવશે. પણ મિલકત આપી દીધા પછી માબાપ ઘરડાઘરમા ધકેલાઇ જાય છે. મદિરાની બોટલની કિંમત ચાર સોથી લઇ કરોડ હોય પણ મદ્ય પીવાઇ જાય પછી ખાલી બાટલી રદીના ભાવે રૂપિયેરોડે વેચાઇ જાય છે! ટુથપેસ્ટ હોય ત્યાં સુધી જ ટયુબની કિંમત છે, ખાલી એટલું ખાલી. સાહેબ તમારી કિંમત પણ પાણીમાં આંગળી બોળીને પાછી લઇ લો પછી કશી જ નથી. ભગવાન આવતા ભવે કોઇ યોજનાનો નહીં પણ ઓપન બજારનો બાટલો બનાવે તેવી પ્રાર્થના કે જેથી વૃક્ષ પર બાટલાફાંસો ખાવો ન પડે!!

ચારે બાજુ કાચની કરચોની માફક ખાલીપો વેરાતો રહ્યો!!!

ભરત વૈષ્ણવ

---

દીધી

એમના મખમલી દિલ મહીં,
સ્નેહની ખીલી લગાવી દીધી.
અમારા ખુદના રક્ત સિંચીને,એમની ગલી શણગારી દીધી.
આકાશમાં કયાં આવું હોય છે,વાદળી નીલી લગાવી દીધી.
એમણે નામુમકિન ઈચ્છા કહી,વનરાજી લીલી લગાવી દીધી.
અમે નિષ્ઠાથી મહોબ્બત કરી,પણ કાળી ટીલી લગાવી દીધી.

ભરત વૈષ્ણવ

## નિયામક વિદ્યાર્થી કલ્યાણ, સ. દાં. કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર તથા આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'કૃષિમહર્ષિઃ પ્રમુખસ્વામી મહારાજ' વિષય પર સેમિનાર યોજાયો



દાંતીવાડા,

વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ નિમિત્તે પ.પૂ. મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા રાહે, માનવ માત્રના સર્વાંગી ઉત્કર્ષ માટે, પોતાના જીવનની ક્ષણે-ક્ષણનું બલિદાન આપનાર, અવિરત વિચરણ કરી ગામેગામ અને દેશ-પરદેશમાં પધરામણીઓ કરી અસંખ્ય લોકોનાં સુખ-દુઃખના ભાગીદાર બનીને તેમની સાથે આત્મીયતાપૂર્ણ વ્યક્તિગત મુલાકાત આપનાર, લોકસેવાનાં વિરાટ કાર્યોની અવિરત વણઝાર વચ્ચે અહોરાત્ર સેવાકીય પ્રવૃત્તિઓ કરી જીવપ્રાણીમાત્રમાં પરમાત્માનાં દર્શન કરી સેવાનો આનંદ લેતા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના બહુપરિમાણીય વ્યક્તિત્વને જુદા-જુદા દષ્ટિકોણથી મૂલવતી અને તેઓના દિવ્ય જીવન કાર્યને અર્ઘ્ય આપતી વિવિધ કાર્યક્રમોની શૃંખલાઓ સમગ્ર વિશ્વમાં ચાલી રહી છે.

"થોડું પણ નક્કર કાર્ય" એવો જીવનમંત્ર ઘૂંટાવીને સંતો-કાર્યકરોને દરેકે દરેકને ખેતરે, વાડીએ કે કૂવે જઈને પેઢીઓ જૂના ખેડૂત માનસમાં કંડારાયેલી રૂઢ માન્યતાઓને ભૂંસીને કૂવામાં પાણી નાખવાનું ભગીરથ કાર્ય સમજાવવા આદેશ આપી તેમણે કરેલાં જળ અને કૃષિલક્ષી અદ્વિતીય કાર્યોને ઉપલક્ષમાં સ.દાં. કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર અને આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે "કૃષિમહર્ષિ : પ્રમુખસ્વામી મહારાજ" એ વિષય પર તા.૧૪-૦૬-૨૦૨૨ના રોજ પ્રો. વી. આર. મહેતા ઓડિટોરીયમ હોલ ખાતે સવારે ૯.૩૦ થી બપોરે ૧૨ દરમ્યાન વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે સ.દાં.કૃ.યુ. સરદારકૃષિનગરના કુલપતિશ્રી પ્રો. ડૉ. આર. એમ. ચૌહાણ, વક્તા તરીકે આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના નિયામકશ્રી, પ્રો. ડૉ. પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામી તથા દ્વિતીય વક્તા તરીકે સ.દાં.કૃ.યુ. ના પ્લાનીંગ ઓફિસર, ડૉ. એસ. પી. પંડ્યા, અતિથિવિશેષ તરીકે સ.દાં.કૃ.યુ. ના સંશોધન નિયામકશ્રી ડૉ. બી. એસ. દેવરા તેમજ બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, મહેસાણાના સંતનિર્દેશકશ્રી પૂ. ઉત્તમપ્રિયદાસ સ્વામી વગેરે મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતાં.

આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાગાન તેમજ દીપપ્રાગટ્યથી થઈ. ત્યારબાદ પૂ. પ્રમુખસ્વામી મહારાજની આયોજનશક્તિ, નિર્ણયશક્તિ તથા દૂરંદેશિતાથી કરેલાં વિવિધ કૃષિલક્ષી કાર્યોની વિવિધ પ્રવૃત્તિઓની સ્મૃતિ વીડિયોના માધ્યમથી કરાવાઈ હતી. સ.દાં.કૃ.યુ. કુલસચિવશ્રી ડૉ. જે. આર. વડોદરીયાએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. સેમિનાર તેમજ ગુજરાતમાં કૃષિ યુનિવર્સિટીના સુવર્ણ જંયતિ મહોત્સવના આયોજન અંગેની પૂર્વ યોજના વિષે માહિતી આપી હતી તેમજ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય ગુણોની વાત કરી હતી. સંચાલકશ્રીએ બંને વક્તાઓનો પરિચય આપ્યો હતો.

"કૃષિક્ષેત્રે પ્રમુખસ્વામી મહારાજનું પ્રદાન" વિષયક વક્તવ્ય રજૂ કરતા પૂજ્ય શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ જણાવ્યું કે, બીએપીએસ સંસ્થાની ૧૬૦ કરતા વધારે માનવ ઉત્કર્ષના કાર્યમાં તેમણે કૃષિક્ષેત્રને પણ મહત્ત્વનું સ્થાન આપ્યું હતું. પ્રમુખસ્વામી મહારાજના વચને તેમને વિચરણમાં આવતા અનેક ગામોના ખેડૂતોને તેમણે કૃષિ વિષયક આગવો વિચાર આપીને પરંપરાગત તેઓની પાક લેવાના અભિગમને નવી દિશા આપી પાકના નવા પ્રયોગો સૂચવ્યા હતા અને તે ખેડૂતોને લાભદાયી નિવડ્યા હતા.

## કૌશલ્ય - ધી સ્કિલ યુનિવર્સિટી દ્વારા ૯ સ્નાતક કક્ષાના તથા ૭૦ ડિપ્લોમા અને સર્ટિફિકેટ અભ્યાસક્રમો કરાયા લોન્ચ


કૌશલ્ય – ધી સ્કિલ યુનિવર્સિટી (KSU) દ્વારા સ્નાતક કક્ષાના ૯ અભ્યાસક્રમો તથા ડિપ્લોમા અને સર્ટિફિકેટના ૭૦ અભ્યાસક્રમો જાહેર કરવામાં આવ્યા છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સિદ્ધાંતોને અનુરૂપ સાંપ્રત શિક્ષણમાં સુધારો કરવાના શ્રેષ્ઠ ઉદ્દેશો સાથે રાજ્યની એકમાત્ર કૌશલ્ય- ધી સ્કિલ યુનિવર્સિટી(KSU) દ્વારા ૨૦૨૨-૨૩ના શૈક્ષણિક વર્ષ માટે પ્રવેશપ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

કૌશલ્ય - ધી સ્કિલ યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની વિશેષતા એ છે કે આ તમામ ૯ (નવ) અભ?યાસક્રમોમાં એક વર્ષની એપ્રેન્ટિસશિપ નિશ્ચિત કરવામાં આવી છે. આ અભ્યાસક્રમોમાં બે વર્ષનાકૌશલ્ય શિક્ષણ પછી એક વર્ષનું શિક્ષણ ઔદ્યોગિક એકમોમાં એપ્રેન્ટિસશીપ સ્વરૂપે પાંચમા અને છઠ્ઠા સેમેસ્ટરમાં પૂર્ણ કરવાનું રહેશે. આમ, વિષયના જ્ઞાનની સાથે સાથે વ્યાવહારિક તાલીમ પણ આ અભ્યાસક્રમો અંતર્ગત પૂરી પાડવામાં આવશે.

આ એપ્રેન્ટિસશીપ દરમિયાન વિદ્યાર્થીઓને કુલ ૭૦ હજારથી ૧ લાખ સુધીની આવક મેળવવાની તક પણ મળશે, એટલું જ નહીં આ આવક થકી ૦૩ વર્ષના શિક્ષણનો તમામ ખર્ચ પોતાના સ્વબળે કાઢી શકશે.

કૌશલ્ય – ધ સ્કિલ યુનિવર્સ?ટિ દ્વારા સ?કોલરશીપ તથા એજ્યુકેશન લોનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. સફળતાપૂર્વક એપ્રેન?ટીસશીપ પૂરી કરનાર વિદ્યાર્થીઓને શિક્ષણને અનુરૂપ નોકરીની તક પણ પૂરી પાડવામા આવે છે, જેના કારણે રોજગારીની તકો પણ વધારો થશે.

સ્કિલ યુનિવર્સિટી દ્વારા ૨૦૦ કરતાં વધારે કંપનીઓ સાથે 'એપ્રેન્ટીસશીપ'ની સાથે સાથે 'ઓન ધ જોબ'ના કરાર કરવામાં આવ્યા છે. આ કરાર અંતર્ગત વિદ્યાર્થીઓને ૮૪૦ એપ્રેન્ટિસશીપની બેઠકો તેમજ ઓન ધ જોબની ૧૮૩૨ જગ?યાઓ ઉપલબ્ધ કરવામાં આવશે. એટલું જ નહિ, બી.એસ.સી સ્ટીલ ટેક્નોલોજીના અભ્યાસક્રમમાં એડમિશનના તબક્કે જ એન્ટરન્સ ટેસ્ટ તેમજ ઈન્ટરવ્યૂ મારફતે નોકરી આપવામાં આવશે અને વિદ્યાર્થીઓને શિક્ષણને લગતી તમામ ફી, રહેવા-જમવાનો ખર્ચ તેમજ સ્ટાઈપેન્ડ પણ કંપની દ્વારા પૂરું પાડવામાં આવશે.



અમેરીકાના કેલિફોર્નિયાના ગુજરાતી સિનીયર ફ્રેન્ડ સર્કલ (GSFC) ઑફ ગ્રેટર લોસ એન્જેલસના વરિષ્ઠ સભ્ય શ્રી જગદીશભાઈ તથા શ્રીમતી ગીતાબેનના સફળ લગ્નજીવનના ૫૦ વર્ષની ઉજવણીનો એક કાર્યક્રમ

( માહિતી અને તસ્વિરઃ- કાન્તિભાઈ મિસ્ત્રી,કેલિફોર્નિયા)

# યોગ દિનની ઉજવણીને અનુલક્ષી કલેક્ટરશ્રી આનંદ પટેલના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ

## નડાબેટમાં બી.એસ.એફ.જવાનો અને અંબાજી ચાચર ચોકમાં માઇભક્તો યોગ કરશે



(બનાસકાંઠા સમાચાર)

તા.૨૧ જૂન વિશ્વ યોગ દિનની બનાસકાંઠા જિલ્લાંમાં ભવ્ય ઉજવણી કરવામાં આવશે. યોગ દિનની ઉજવણીને અનુલક્ષી પાલનપુર ખાતે કલેકટરશ્રી આનંદ પટેલના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ હતી. જેમાં કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે તા.૨૧ જુન વિશ્વ યોગ દિનની સમગ્ર દેશમાં અને વિશ્વમાં ભવ્ય ઉજવણી થવાની છે ત્યારે આપણા જિલ્લામાં વિશાળ સંખ્યાઠમાં લોકો આ કાર્યક્રમમાં જોડાશે. તેમણે કહ્યુ કે, વિશ્વ યોગ દિવસનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ પાલનપુર પોલીસ પરેડ ગ્રાઉન્ડ, પાલનપુર ખાતે યોજાશે તેમજ દરેક તાલુકામાં અને નગરપાલિકા વિસ્તારમાં યોગ દિવસની ઉજવણી થશે. જેમાં જિલ્લાની શાળાઓ અને કોલેજોના વિદ્યાર્થીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા નાગરિકો ભાગ લેશે કલેકટરશ્રી આનંદ પટેલે કહ્યું કે, બનાસકાંઠા જિલ્લામાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ, પાલનપુર ઉપરાંત નડાબેટ ભારત-પાકિસ્તાન બોર્ડર પર બી.એસ.એફ.ના જવાનો અને અંબાજી મંદિરના ચાચર ચોકમાં માઈભક્તો યોગ કરી વિશ્વ યોગ દિનને વિશેષ બનાવશે. કલેકટરશ્રી આનંદ પટેલની સુચના અને માર્ગદર્શન અનુસાર સમગ્ર જિલ્લાનમાં યોગ દિનની શાનદાર ઉજવણી માટે વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે કલેક્ટરશ્રીએ જણાવ્યું કે વિશ્વ યોગ દિવસને અનુલક્ષીને લોકોમાં માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃકતા વધે એ ઉદ્દેશ્યથી માનનીય પ્રધાનમંત્રીશ્રી દેશવાસીઓને વર્ચ્યુઅલી સંબોધન કરશે. જિલ્લાના તમામ ગામોમાં યોગ દિવસની ઊજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે અને તેમાં વધુમાં વધુ લોકો જોડાય તેવો અનુરોધ તેમણે કર્યો હતો. આ કાર્યક્રમમાં વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ સાથે તેઓની સહભાગિતા અંગે ચર્ચા કરી દરેક નાગરિક, સંસ્થા, કર્મચારીઓ પણ જોડાય એના પર ભાર મુકવામાં આવ્યો હતા બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્વપ્રી.લ ખરે, નિવાસી અધિક કલેકટરશ્રી એ.ટી.પટેલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી આર.આઇ.શેખ, નાયબ પોલીસ અધિક્ષકશ્રી આર.કે.પટેલ, બી.એફ.એફ.ના અધિકારીઓ, પ્રાંત અધિકારીશ્રીઓ, રમત ગમત અધિકારીશ્રી સહિત વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વિશ્વ રક્તદાતા દિવસે આહવા ખાતે યોજાયો રક્તદાન કેમ્પ



આહવાઃ તાઃ ૧૫ઃ

'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ચાલી રહેલી ઉજવણી અંતર્ગત તા.૧૪મી જૂન - વિશ્વ રક્તદાતા દિવસ નિમિત્તે ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે રક્તદાન કેમ્પ યોજાઈ ગયો.

સિવિલ હોસ્પિટલ, આહવા ખાતે આયોજિત આ કેમ્પનો પ્રારંભ ડાંગ જિલ્લાના, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ.વિપીન ગર્ગ એ કરાવ્યો. ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, બ્લડ સેન્ટર આહવા, અને સિવિલ હોસ્પિટલ, આહવાના સહયોગથી આયોજિત આ બ્લડ ડોનેશન કેમ્પની મુલાકાત લઈ, અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.હિમાંશુ ગામીત તથા તેમની ટિમે બ્લડ ડોનેટ કરી કાર્યક્રમની ઉજવણીને સાર્થક કરી હતી.

આ કેમ્પમા RCHOશ્રી ડૉ.સંજય શાહ, સિવીલ સર્જનશ્રી ડૉ.અંકિત રાઠોડ, RMOશ્રી ડૉ.રીતેશ બ્રમભટ્ટ વિગેરે એ ઉપસ્થિત રહી, તેમની ભૂમિકા નિભાવી હતી.

નરેન્દ્ર પવાર,ડાંગ

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે ૧ લાખ ૪૧ હજાર પરિવારોને મળશે ઘરનું ઘર

ગાંધીનગર, ૧૫ જૂન આગામી ૧૮ જૂનના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી ગુજરાત આવી રહ્યા છે ત્યારે તેઓ વડોદરા ખાતે રૂ.૨૧,૦૦૦ કરોડથી વધુના વિવિધ વિભાગના પ્રકલ્પોનું અનાવરણ, ખાતમુહુર્ત અને ઈ-લોકાર્પણ કરશે. આ કાર્યક્રમ દરમિયાન રાજ્યના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને ઘરનું ઘર મળી રહે તે માટે શરૂ કરવામાં આવેલી પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત શહેરી અને ગ્રામીણ વિસ્તારના લોકો માટે કુલ ૧ લાખ ૪૧ હજાર આવાસોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત વડાપ્રધાનના હસ્તે કરવામાં આવશે. સમગ્ર રાજ્યના ૩૩ જિલ્લાઓના ગ્રામીણ ક્ષેત્રોમાં ૧ લાખ આવાસોનું લોકાર્પણ તેમજ શહેરી ક્ષેત્રોમાં ૪૧ હજાર આવાસોમાંથી ૩૮,૦૭૧નું લોકાર્પણ અને ૨૯૯૯ ઘરોનું ખાતમુહુર્ત કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે આજ દિન સુધીમાં રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં ૩ લાખ ૭૨ હજાર ૮૬૫ આવાસોનું નિર્માણ કરવામાં આવેલ છે, જે પૈકી ૧૪ આદિવાસી જીલ્લાઓમાં જ સૌથી વધુ ૨ લાખ ૯૩ હજાર આવાસોનું નિર્માણ કરવામાં આવેલ છે. કોરોનાની મહામારી તેમજ ચોમાસાના કારણે વિલંબ થયા બાદ એક માસના ટુંકા ગાળામાં અન્ય એક લાખ જેટલા આવાસોને મંજૂરી આપવામાં આવી છે. સાથે સાથે આ કામગીરીનું સઘન મોનિટરીંગ કરવામાં આવી રહ્યું છે અને તેના પરિણામે છેલ્લા થોડાક જ માસમાં ૯૦ હજારથી વધુ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. સાથે જ શહેરી વિસ્તારોમાં ૬.૨૪ લાખ આવાસો બનાવવામાં આવ્યા છે. ગુજરાતના શહેરો અને ગામડાઓને ઝૂંપડપટ્ટીમાંથી મુક્ત કરવા અને શહેરી વિસ્તારમાં વસતા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને વ્યાજબી કિંમતે આવાસ પૂરા પાડી શકાય તેવા ઉમદા હેતુ સાથે ૨૫ જૂન, ૨૦૧૫ના રોજ રાજ્ય સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અમલમાં મૂકવામાં આવી હતી. ત્યારબાદ, રાજ્યના ગ્રામ્ય વિસ્તારના કુટુંબનો પોતાના સ્વપ્નનું ઘર મળે અને તેમનું જીવનધોરણ ઊંચું આવે તેવા ઉદ્દેશથી ૨૦ નવેમ્બર, ૨૦૧૬ના રોજ ગુજરાત સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અમલી બનાવવામાં આવી હતી. આજે રાજ્યના લાખો પરિવારો એવા છે કે જેઓ પ્રધાનમંત્રી આવાસ યોજનાના કારણે પોતાના ઘરમાં રહેવાનું સુખ માણી રહ્યા છે.

## ભાજપા રાષ્ટ્રીય મહિલા મોરચાના અધ્યક્ષા શ્રીમતી વનાથી શ્રીનિવાસનજીએ ગાંધીનગર ખાતે

# સ્વ- સહાય જૂથ અને ગૃહ ઉદ્યોગની મહિલાઓ સાથે સંવાદ કરી GEM પોર્ટલ અંગે માહિતી આપી પ્રોત્સાહન આપ્યું.

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ૧૫ જૂન ૨૦૨૨, બુધવારે ગાંધીનગર પધારેલા ભાજપા મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી વનાથી શ્રીનિવાસનજીએ મહારાષ્ટ્ર ભવન, ગાંધીનગર ખાતે આયોજિત કાર્યક્રમમાં સ્વ-સહાય જૂથ અને ગૃહ ઉદ્યોગની મહિલાઓ સાથે સંવાદ કરી GEM પોર્ટલ અંગે માહિતી આપી સૌ મહિલાઓને પોર્ટલનો ઉપયોગ અસરકારકતા સાથે કરવા અંગે માહિતી આપી સૌને જ્ઈસ પોર્ટલનો ઉપયોગ કરવા પ્રોત્સાહન આપ્યું હતું તેમજ ઉપસ્થિત સૌએ મહિલાઓ દ્વારા તૈયાર કરાતા વિવિધ ઉત્પાદોની પ્રદર્શની નિહાળી હતી. ઉપરાંત તેમણે મહાનગર ભાજપા મહિલા મોરચાની કામગીરીને બિરદાવી હતી અને આગામી યોજાનાર ચૂંટણીઓમાં મહિલા શક્તિ ભાજપાના ઐતિહાસિક વિજયમાં મહત્વની ભૂમિકા ભજવશે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષા શ્રીમતી ડૉ. દીપિકા સરડવાજીએ ભાજપા મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી વનાથી શ્રીનિવાસનજીનું શાબ્દિક સ્વાગત કરી પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન મહાનગર મહિલા મોરચાના અધ્યક્ષા પ્રિયા પટેલે કર્યું હતું.

આ કાર્યક્રમમાં ભાજપા રાષ્ટ્રીય મહિલા મોરચાના મહામંત્રી દીપ્તિ રાવતજી, રાષ્ટ્રીય મહિલા મોરચા ઉપપ્રમુખ જ્યોતિબેન પંડ્યા, ગુજરાત ભાજપા મહિલા મોરચા પ્રભારી પૂનમબેન શર્મા, પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષા શ્રીમતી ડૉ. દીપિકા સરડવા, પ્રદેશ ભાજપા મહિલા મોરચા પ્રભારી તૃપ્તિબેન વ્યાસ, વિણાબેન પ્રજાપતિ, મહાનગરના અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ, મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, સ્ટે.કમિટી ચેરમેન જસવંતભાઈ પટેલ, મહામંત્રીશ્રી અને મહિલા મોરચા પ્રભારીશ્રી ગૌરાંગ પટેલ, શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, મહાનગર મહિલા મોરચા અધ્યક્ષા પ્રિયા પટેલ, સ્વ-સહાય જૂથ અને ગૃહ ઉદ્યોગની મહિલાઓ, સંગઠનની હોદ્દેદારો બહેનો, સિનિયર અગ્રણી બહેનો, મહિલા કોર્પોરેટરો, મહિલા પેજપ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતમાં પ્રથમ વખત ગાંધીનગરમાં કચરાના આધુનિક પ્રોસેસિંગ મશિન લગાવવાની વિચારણાઃ જશવંતભાઈ પટેલ

ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકાની ગત સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ફેંઢછના ગામડાઓના કચરાને ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પ્રોસેસ કરવામાં આવશે તે મુદ્દાને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આ અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા નવી અત્યાધુનિક ટેકનોલોજીવાળા પ્રોસેસિંગ મશિન લગાવવા અંગે વિચારણા કરી રહી છે. જેની માહિતી ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટે. કમિટીના ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલે આપી હતી. આ ટેક્નોલોજી ભારતમાં હાલ માત્ર બે જ શહેરમાં છે.




ગાંધીનગરને ગત વર્ષે દેશના શ્રેષ્ઠ સ્વચ્છ પાટનગરનો દરજ્જો મળેલ છે. ગાંધીનગર મહાનગરપાલિકાનો જૂનો હદ વિસ્તાર આશરે ૫૫ ચો. કિ.મી. હતો હવે નવા ૧૮ ગામો અને પેથાપુર નગરપાલિકા ભળતા નવો હદ વિસ્તાર ૧૯૬ ચો. કિ.મી. થયો છે. જેમાં ખાસ ગ્રામ્ય વિસ્તારમાં સફાઇ અંગેની વ્યવસ્થાઓ અને જાગૃત્તિ ઓછી હોવાથી આ સંજોગોમાં ગાંધીનગર મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં સફાઇ કરીને કચરો એકઠો કરી, પ્રોસેસ કરી, નિકાલ કરવાની વ્યવસ્થા સુદ્રઢ કરવા માટે આધુનિક અધ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરવો અનિવાર્ય છે. આ ટેકનોલોજીના ઉપયોગથી ઓછા ખર્ચ અને ઓછી જગ્યામાં ઓછી એનર્જીનો ઉપયોગ કરીને વધુ કચરાને પ્રોસેસ કરીને નિકાલ કરવા માટેની વ્યવસ્થા હાલ વિચારણા હેઠળ છે.

આ મશિન પ્લાઝમા હીટ ડી-કમ્પોઝિશન ટેક્નોલોજીના માધ્યમથી કાર્ય કરે છે. જેમાં અંદાજે ૧૦૦ ટન જેટલા ભીના કે સૂકા કચરાને એક ટન સિરામિક રાખમાં તબદીલ કરી શકાય છે. આ ટેકનોલોજીમાં લોખંડ, કાચ અને સિરામિક સિવાયના તમામ કચરાને બાળીને સિરામિક રાખમાં પરિવર્તિત કરી શકાય છે. જેના માટે અલગ અલગ કેપેસિટીના મશીનો ઉપલબ્ધ છે. આ ટેક્નોલોજીમાં માત્ર સ્ક્રબર અને એક્ઝહોસ્ટ સિસ્ટમ માટે જ વીજળીની જરૂર પડે છે પરંતુ કચરાને પ્રોસેસ કરવા માટે વીજળી કે અન્ય કોઈ ફ્યૂઅલની જરૂર રહેતી નથી. બધો જ કચરો મુખ્ય ચેમ્બરમાં જમા કરવામાં આવે છે અને આ ચેમ્બરમાં બહારની હવા દાખલ કરવામાં આવે છે. જે પ્લાઝમા ટેક્નોલોજીના માધ્યમથી હવામાંના ઓક્સિઝનનો જ ફ્યૂલ તરીકે ઉપયોગ કરે છે અને કચરાને સિરામિક રાખમાં પરિવર્તિત કરે છે. જે રાખનો ઉપયોગ ઈંટો બનાવવામાં, પૂરાણમાં તથા ગાર્ડન ડેવલપ કરવામાં થઈ શકે છે. આ મશીનમાં ૩૫૦ ડિગ્રી સેલ્યસિયસથી ૧૧૦૦ ડિગ્રી સેલ્યિસય તાપમાને કચરો પ્રોસેસ કરવામાં આવે છે. આ તાપમાન માટે પણ વીજળીની જરૂર રહેતી નથી. આ સિસ્ટમ ખુબ જ કોમ્પેક્ટ અને લો મેઈન્ટનંસવાળી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા ભવિષ્યને ધ્યાનમાં લઈને વોર્ડ વાઈઝ યોગ્ય કેપેસિટીના મશીન લગાવવાનું વિચારી રહી છે. આ વ્યવસ્થામાં ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ પણ બચી શકશે. આ ટેક્નોલોજીની સૌથી મોટી વિશેષતા એ છે કે, તેમાં પ્રોસેસ દરમિયાન નિકળતા ધૂમાડા(એમિસન)માં એકદમ નહિવત માત્રામાં પ્રદૂષણ હશે તથા આ પ્રકારની સિસ્ટમના ઉપયોગથી મોટી લેન્ડફિલ્ડ સાઇટની પણ જરૂરીયાત નહી રહે અને કચરાના પહાડો જેવા ઢગલાના કારણે પૃથ્વિ પર થતું પ્રદૂષણ અટકાવી શકાશે. આ ટેક્નોલોજીમાં ભીના કે સૂકા કચરાનું સેગ્રિગેશન કરવાની પણ જરૂરીયાત રહેતી નથી.

જેથી ભવિષ્યની જરૂરીયાતને ધ્યાનમાં લઈને દરેક વોર્ડ વાઇઝ આ સિસ્ટમ લગાવી શકાય તેવી વ્યવસ્થા હાલ વિચારણા હેઠળ છે.

## વંદે ગુજરાત' ૨૦ વર્ષનો વિશ્વાસ – ૨૦ વર્ષનો વિકાસ

# ૨૦ વર્ષના ગુજરાતના વિકાસને નજરોનજર નિહાળવા પધારો ડાંગ સેવા મંડળના આંગણે

આહવાઃ તાઃ ૧૫ઃ

આજથી ૨૦ વર્ષ અગાઉના ગુજરાતના ચિત્રને માનસપટ પર અંકિત કરી, અને આજના ૨૦૨૨ ના ગુજરાતની છબીને ચિત્તે ધરીએ. જે ફર્ક આપો આપ નજર સમક્ષ ખડો થશે, તે છે 'વંદે ગુજરાત' પ્રદર્શન .

બે દાયકાના પરિશ્રમના પ્રસ્વેદથી વિકાસની કેડી કંડારનારા ગુજરાતની વિકાસયાત્રા, આજે ડાંગના આંગણે આવી ને ઉભી છે. જેમણે ગુજરાતનો વિકાસ જોવો છે, જેમણે ગુજરાતના પરિશ્રમની પરાકાસ્ઠા મહેસુસ કરવી છે, જેમણે ગુજરાતનુ ગૌરવ ગાન કરવુ છે, તેમણે ડાંગ જિલ્લાના મુખ્ય વહીવટી મથક આહવા ખાતે, ડાંગ સેવા મંડળમા તૈયાર કરાયેલા 'વંદે ગુજરાત' પ્રદર્શન અને 'સખી મેળા' ની મુલાકાત લેવી રહી.

શું છે આ મેળામા ? આવો જાણીએ. પાછલા વીસ વર્ષોમા ગુજરાતમા કોમી તોફાનો ઉપર અંકુશ આવ્યો છે. તો સાથે બે દાયકાના દુકાળને, માં નર્મદાના નીરને ઘરે ઘરે પહોંચાડીને ભૂતકાળ બનાવી દેવાયો છે. આજે દેશનુ મેડીકલ હબ ગુજરાત છે, દેશનુ ડીફેન્સ હબ ગુજરાત છે, અને આકર્ષક ટુરીઝમ ડેસ્ટીનેશન પણ ગુજરાત છે. આપત્તિને અવસરમા પલટીને, કચ્છનુ પુનઃવસન ગુજરાતે કર્યું છે, તો વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી, અને વિશ્વનુ સૌથી મોટુ ક્રિકેટ સ્ટેડીયમ પણ ગુજરાતમા છે. દેશનુ પહેલુ રિવરફ્રન્ટ સાબરમતી રિવરફ્રન્ટ, દેશનુ પહેલુ ઓપરેશનલ સ્માર્ટ સિટી, અને વર્લ્ડ કલાસ કન્વેન્શન સેન્ટર મહાત્મા મંદિર ગુજરાતમા છે. પ્રવાસન સ્થળોની કાયાપલટ કરનારુ દેશનુ અગ્રેસર રાજ્ય ગુજરાત છે. શિવરાજપુર બીચ, નડા બેટ-સીમા દર્શન, દાંડી કુટીર, સોલ્ટ મેમોરીયલ, શામજીકૃષ્ણ વર્મા મેમોરીયલ, વિરાંજલી વનોની શ્રુંખલા માત્ર અને માત્ર ગુજરાતમા જ છે.

આ અને આવી અનેક ગૌરવાન્વિત કરતી બાબતો 'વંદે ગુજરાત' પ્રદર્શનમા આકર્ષક ફોટોગ્રાફસ, કટઆઉટના માધ્યમથી ડિસ્પ્લે કરવામા આવી છે.

દેશના આઝાદી કાળથી વરસાદ ઉપર નિર્ભર રહેતા ગુજરાતના ખેડૂતોને આત્મનિર્ભર બનાવાયા છે. તો પશુપાલકોને સ્વેતક્રાંતિ તરફ અગ્રેસર કર્યા છે. અંધારિયા ગામોને વીજળીથી ઝળહળતા કર્યા છે. તો શિક્ષણથી અજ્ઞાનતાના અંધકાર પણ ઉલેચ્યા છે. જળનુ અસરકારક વ્યવસ્થાપન, સ્કીલ ડેવલોપમેન્ટ, ટેકનોલોજીનો શુભગ સમન્વય, સ્વચ્છતાનો આગ્રહ, આવાસ સુવિધા, ડીજીટલ અને રળિયામણા શહેરો, માર્ગોનુ નેટવર્ક, મહિલા સશક્તિકરણ, કુપોષણ નિવારણ, અને તંદુરસ્ત સમાજ નિર્માણની દિશામા અસરકારક વ્યવસ્થાપન, તથા ગ્રામીણ-આદિવાસી સંસ્કૃતિના જતન અને સંવર્ધન ને પાયામા રાખીને ગુજરાતે ચારેકોર વિકાસની પરાકાષ્ઠા સર્જી છે. આ બાબતો અહી સતસવીર પ્રજાજનો સમક્ષ પેશ કરવામા આવી છે.

૨૦ વર્ષ અગાઉનુ ગુજરાત, અને ૨૦ વર્ષના પરિશ્રમ અને સેવા બાદના ગુજરાતની બદલાયેલી તસવીર, પ્રજાજનો સમક્ષ રજુ કરી રહ્યા છીએ, ત્યારે આવો આપણે પણ સૌ સાથે મળીને ગુજરાતના ગૌરવનુ ગાન કરીએ.

માં નર્મદાથી તૃપ્ત, સફેદ રણથી અલંકૃત, માં અમ્બાથી આરક્ષિત, સરદારની ઊંચાઈથી સુશોભિત, સાવજોની ડણકથી ગુંજતા, જીવંત ઈતિહાસથી શોભતા, ગુજરાતને વંદન.

વંદન ગુજરાતની માટીને, વંદન ગુજરાતની સાહસ વૃત્તિને, વંદન ગુજરાતના નેતૃત્વને, વંદન ગુજરાતની ૨૦ વર્ષની તપસ્યાને, વંદન ગુજરાતના ૨૦ વર્ષના વિકાસને.

નરેન્દ્ર પવાર,ડાંગ

# 'વંદે ગુજરાત પ્રદર્શન' સંગ 'સખી મેળા'નો રસાસ્વાદ માણવા સાથે 'વોકલ ફોર લોકલ' બનવાનો અવસર

આહવાઃ તાઃ ૧૫ઃ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની મહિલાઓને આત્મનિર્ભર બનાવવાની દિશામા ઉપાડેલી મુહિમ રંગ લાવી રહી છે. ગુજરાતમા અને તેમાયે ડાંગ જિલ્લામા તો 'સખી મંડળો'મા જોડાઈને હજારો ગ્રામીણ મહિલાઓ 'આત્મનિર્ભર' બની રહી છે. તો આવો મહિલાઓને અનોખુ ગૌરવ અને આત્મસન્માન પ્રદાન કરતી મિશન મંગલમ યોજના ના ડાંગ જિલ્લાના સમગ્રતયા ચિત્ર ઉપર એક નજર કરીએ.




તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સને ૨૦૧૦મા 'મિશન મંગલમ યોજના' અમલમા મુકવામા આવી હતી. આ યોજના અંતર્ગત ગરીબ પરિવારોની ગ્રામીણ મહિલાઓને જૂથોમા સંગઠીત કરી, તેઓને બચત અને આંતરિક ધિરાણની પ્રવૃત્તિ સાથે જોડી, એક સમાન ઉદેશ અને આર્થિક જરૂરિયાતની આપૂર્તિ માટે સ્વસહાય જુથ રચી, તેમનુ ક્ષમતાવર્ધન કરી જૂથોને સક્ષમ બનાવવામા આવે છે.

આવા 'સખી મંડળો'ને રીવોલ્વીંગ ફંડ, કોમ્યુનીટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ, બેંક લોન અને ૧૦૦ ટકા વ્યાજ સહાય, સાથે લોનમા સ્ટેમ્પ ડ્યુટીની માફી આપી, આજીવિકા પૂરી પણ પાડવામા આવે છે.

ડાંગ જિલ્લામા ૩૮૦૦ જેટલા સ્વસહાય જૂથોની રચના કરવામા આવી છે. જેમા ૩૮૦૦૦ જેટલી ગ્રામીણ મહિલાઓ જોડાયેલી છે. તાજેતરમા ડાંગ જિલ્લામા ક્રેડીટ કેમ્પનુ આયોજન કરી ૩૬૦ જૂથોને, બેંકો દ્વારા રૂ.૩૬૦ લાખની લોન આપવામા આવી હતી. ડાંગ જિલ્લામા અત્યાર સુધી ૩૧૮૫ જૂથોને રીવોલ્વીંગ ફંડ પેટે રૂ.૩૧૯.૪૮ લાખ જેટલી માતબર રકમ આપવામા આવી છે. આજની તારીખે ૧૫૭૬ જેટલા સ્વસહાય જૂથો વિવિધ પ્રવૃત્તિઓ સાથે આજીવિકા મેળવી રહ્યા છે. ગુજરાત સરકારની છેલ્લા ૨૦ વર્ષની વિકાસ યાત્રાનુ 'વંદે ગુજરાત પ્રદર્શન' તેમજ સ્વસહાય જૂથો દ્વારા ઉત્પાદિત વિવિધ ચીજવસ્તુઓના વેચાણ અર્થે, ગુજરાત રાજ્ય સ્થાપના દિન-તા.૧લી મે એ, મુખ્યમંત્રીશ્રી દ્વારા પાટણથી પ્રારંભાયેલી 'સખી મેળા'ની આ શ્રુંખલા ડાંગને આંગણે આવી પહોંચી છે. આહવાના ડાંગ સેવા મંડળના પરિસરમા ૫૦ જેટલા વિવિધ વાનગીઓ, હેન્ડીક્રાફટની ચીજવસ્તુઓના વેચાણ-પ્રદર્શન સ્ટોલ્સ લોકાર્ષણ જમાવી રહ્યા છે.

આ મેળામા ડાંગ ઉપરાંત વિવિધ જિલ્લાઓમાંથી પણ હસ્તકળા, હેન્ડલૂમ, વિવિધ ફૂડ પ્રોડક્ટ સાથે સંકળાયેલા ગ્રામીણ મહીલા જૂથો આ મેળાનો હિસ્સો બનવા પધાર્યા છે. તેમના દ્વારા તૈયાર કરાયેલી કલાત્મક ચીજ વસ્તુઓ, આ મેળામા એક જ સ્થળેથી જોવા અને ખરીદવાની તક, ચૂકવા જેવી નથી.

તા.૧૫ જુનથી ૨૧ જુન, ૨૦૨૨ સુધી સવારના ૧૦થી રાત્રિના ૯ વાગ્યા દરમિયાન ચાલનારા આ 'સખી મેળા'ની મુલાકાત લઈ, વોકલ ફોર લોકલ બનવાનુ સૌને ઈજન છે.

નરેન્દ્ર પવાર,ડાંગ

## આઝાદી કા અમૃત મહોત્સવ''ની ઉજવણીના ભાગરૂપે

# 'લક્ષ્ય' - સ્કિલ એક્ષ્પો-૨૦૨૨નો ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI), કુબેરનગર, અમદાવાદ ખાતે શુભારંભ

''આઝાદી કા અમૃત મહોત્સવ''ની ઉજવણીના ભાગરૂપે ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI), કુબેરનગર, અમદાવાદ ખાતે'લક્ષ્ય' - સ્કિલએક્ષ્પો-૨૦૨૨નો શુભારંભ થયો છે જે તા. ૧૪/૦૬/૨૦૨૨ થી ૧૬/૦૬/૨૦૨૨ દરમિયાન ચાલવાનો છે. આ એક્સ્પોમાં સંસ્થાના તાલીમાર્થીઓને સંસ્થામાં શીખવેલ સ્કિલને આધારે જે પ્રોજેક્ટ/ ઈનોવેટીવ મોડેલ/ચાર્ટ બનાવી પ્રદર્શિત કરવામાં આવેલ છે. સંસ્થાના તાલીમાર્થીઓએ પોતાના ઈનોવેટીવ આઈડીયા દ્વારા આધુનિક ટેક્નોલોજીને અનુરૂપ પ્રોજેક્ટ/ ઈનોવેટીવ મોડેલ/ચાર્ટ બનાવેલ છે. જેનાથી અને તેમના કૌશલ્યનો વિકાસ થાય, ઉદ્યોગોને તેમની જરૂરિયાત મુજબનું કુશળ માનવબળ મળી રહે, તે હેતુંથી આ એક્સ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શન નિહાળવા ઔદ્યોગિક એકમોના પ્રતિનિધિઓ અને શાળા/કોલેજના વિદ્યાર્થીઓ સંસ્થાની મુલાકાત લઇ સંસ્થાની ગતિવિધીઓથી અવગત થયા છે. આનાથી ઉદ્યોગોમાં એપ્રેંટીસ અને આઇ.ટી.આઇ.ની મંજુર બેઠકો મહત્તમ ભરી શકાશેસાથોસાથ રોજગારીની તકો વધવા થકી વોકેશનલ બેઝ્ડ સ્કિલ તાલીમનો હેતુ સિદ્ધ થશે.એક્સ્પોના પ્રથમ દિવસે ૪૫૦૦ થી વધારે યુવાનોએ મુલાકાત લીધી હતી. આત્રિ દિવસીય એક્સ્પોમાંકુલ ૧૦,૦૦૦ થી વધુ યુવાનો લાભ લેનાર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકારના રોજગાર અને તાલીમ ખાતા દ્વારા ચલાવવામાંઆવતી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI), કુબેરનગર, અમદાવાદએ વોકેશનલ બેઝ્ડ સ્કિલ તાલીમ આપતી સંસ્થા છે. તેનો ઉદ્દેશ કૌશલ્ય પ્રાપ્તિ દ્વારા યુવાનોને સ્વયંપૂર્ણ અને સ્વાવલંબન થકી નિર્વાહ ચલાવવા માટે શક્તિમાન બનાવી સામાજીક પરિવર્તન લાવવાનો છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.